૨૫૩૦

શ્રી કાર્યપુર્ણા શક્ત્ય છે.

पद्मावति स्वयंवर

નાટક.

રચીને પ્રસિદ્ધ કરનાર

કાશીરામ મગનલાલ ઉપાધ્યાય.

ગીતિ.

સ્વયંવર નિતિમય રીતી, આર્ય હિતાર્થે પુર્વ ગ્રંથ સુચવે;
આર્ય લક્ષ નવ લઇને, મણિમય દીપક સ્વહસ્તથી બુઝવે. ૧
પદ્માવતી સતિઆદી, નિરખી સઘળા સ્વયંવરો સૃષ્ટે;
મદ મત ગ્રાહી અંધા, જન જેષ્ઠીકા ધરો ચિત્ત પૃષ્ટે

અમદાવાદમાં.
ખા. સા. મા. પાસે પ્રજામત પ્રેસમાં શા.
ચુનીલાલ હરીવલવદાસે છાપ્યુ.
સંવત ૧૯૪૧ સને ૧૮૮૫
મુલ્ય રૂ ૦-૮-૦

પ્રસ્તાવના.

આપણા પ્રાચિન પુસ્તકો ઉપરથી અર્થાંત માહા બળી ષ્ટ અને પ્રખ્યાતી પૌમેલા વીરોની વાર્તા ઉપરથી સેહેજ અવલોકન થાંય છે કે ક્ષત્રીય જાતીમાં સ્વયંવર કરવાનો રીવાજ વિશેષ હતો તે રીવાજ ક્ષત્રીઓ એ વીસારે મુકયો કે જેના પરીણામમાં, અરવાચીન કાળના રાજ બીજે નબળા નીવડયા. તેમજ અન્ય જાતીઓ એ પણ પ્રાચીન પુસ્તકોને માન્ય ન આપ્યું, કે જેથી તેઓની સ્થીતિ આ પ્રસંગે અતિશય ધિક્કારવા યોગ્ય થઇ છે, એટલે બાળ લગ્નને સારીપેઠે નીચોવ્યા છે.

આ પ્રસંગે ક્ષત્રીના ધર્મ દર્શાવતાં પટાંતર અન્ય જનો ને પણ પુખ્ત વયે લગ્ન કરવાને માટે શ્રેષ્ઠ સુચન છે.

આ ગ્રંથ મારો પ્રથમ પ્રયત્ન તરીકે છે. તેમાં કદી દોષ આવ્યા હશે પણ વાંચનાર સદગ્રહુસ્થો આશાછે કે દોષ ઉપર નજર નહીં કરતાં શત્ય હેતુ ઉપર પોતાનો લક્ષ ખેંચશે.

આ ગ્રંથમાં પ્રસંગોપાત (હરિશિવમણિ) **આર્યોદયના** અધિપતિ રા૦ રા૦ હરિપ્રસાદ રામનારાયણ કંથારીયાએ અને રા૦ રા૦ કનૈયાલાલ, મોતીલાલ મુનશીએ મને સારી મદદ કરી છે માટે હું તેમનો આભાર માનું છું

ગ્રંથકર્તા.

पद्मावति स्वयंवर

અંક ૧ લો.

પાત્ર.

सूत्रधार	नाटकाचार्य
विदूषक	विनोदकार
नटी	नाटकाचार्यनी प्रिया
चंपकसेन	चंपा नगरीनो राजा
सुबोधसागर	" प्रधान
पवित्रसिंग	कंचुकी
गुणसुंदरी	नायका
सूलोचना	नगर शेठनी दीकरी
कामदा	तेनीसखी

पुष्पसेन	राजकुमार
बुद्धिसागर	राजकुमारनो मित्र
सूरेखा	नगरशेठनी स्त्री
सैनाधिंपति	लस्करनो उपरी
चंपावति	राणी
नगरशेठ	मोहोटो वेहेपारी
भूखणीयो	तेनोचाकर

ત્યાર બાદ લસ્કર, જાંન અને દરબારીયા

વીગેરે.

पद्मावति स्वयंवर

અંક પેહેલો.

સ્થળ. નાટકા ગ્રહ.

પાત્ર.

સુત્રધાર ... . **નટી.** ... ... **વિદુષક.**

સૂત્રધાર—સદ્ગ્રહસ્થો! 'પદ્માવતી સ્વયંવર જોવાની આશાથી આપ સર્વેને પધારેલા નિહાળી હું, અતિ આનંદ પામુ છું. પરંતુ આંખેથી જોવા કરતાં જોયા પછી વિચાર કરવો એ વધારે યોગ્ય છે. માટે 'પદ્માવતી-નાટકનો' હેતુ અસલ આપણામાં સ્વયંવર કરવાનો ચાલ હતો પણ તે ચાલ સત યુગની સાથે જતો રહ્યો તેના ગેરફાયદા ગ્રંથ કર્તાની કલમ ચીતરવાને અશકત છે તથાપિ યથાશકતીથી તથા ઇશ્વર સાહાયતાથી સંપુર્ણ રીતીએ ભજવેલા નાટકમાંથી સર્વે સદગૃહસ્થો સાર લેઇ આપણા માન્ય કારક વડીલોનો ડહાપણ ભરે-

લો ચાલ ફરી આણવા પ્રયત્નકરે; તેને માટે શરૂ-
આતમાં ઇશ્વર સ્તવન કરવા રજા લેઊછું. પ્રિયા?.. ...

નટી—(પ્રવેશ કરીને) આજ્ઞા મહારાજ!

સુત્ર—'**પદ્માવતિ સ્વયંવર**'ની શરૂઆતમાં સર્વે
વિઘ્ન દુર થવા માટે ઇશ્વર સ્તવન કર.

નટી—

રાગ કાફી.

(પ્રભુ મને માર્ગ બતાવ, દારૂણ વનમાં રખડી મ-
રૂછું પ્રભુ] એ રાહ.

કૃપાળુ દસુમતિથી માન, સરસ્વતિ દેવી સુધારા ટેક ૧
વાદના નાદમાં સત્યછો પ્રતાપી, ભકત મધુર કૃતિ જાણ;
વિદ્યાપતિ આશ્રય હું માગું, જે કારાણ આ ઠામ. સ. ૨
નાદ પ્રતાપે વાદ કરૂં હું, જન હિતૈશી આ કામ;
ત્રણે યુગમાં મ્હેર કરીને, તાર્યો દેશ મુદામ; સરસ્વતિ. ૩
બ્રહ્મા વિસ્નુ માહેસ્વર સંગે, ઋષિયો કરે તારૂ ગાન;
ત્યારે કિર્તી અચળ કરી તે, મુષ્ઠીમાં રાખી માન. સર. ૪
શુધ્ધ અંતરથી સ્તુતિ કરૂંહું, સદ્‌મતિનું કરો ભાન; .
કળીસમયમાં જનછે અધર્મી, સુધર્મી અર્થે આગાન. સ ૫
સ્રીપુરૂષોના અધર્મ સંગે, ધન, તન, મનની હાણ;
હાણ સઊનું મુળ ગૃહીંને, દર્શન ધ્યો દઇ દાન. સ. ૬

પદ્માવતિનો સ્વયંવરઆ, જે સતિ થઇછે મહાન;
રસ અલંકારતારી કૃપાએ. દ્રષ્ટાંતમાં છે નિદાન. સ.૭
રચના કૃતિની આ ીથી અંત, સુધિ રાખો મા સન્માન;
સદ્કાર્યોમાં ઊમંગ વધારો, સુચ ી સદા તારૂ તાન. સ.૮

નટી—પ્રાણવલ્લભ! હવે— .. ..

સુત્રધાર—પ્રિયા! હવે કાંઇજ વિલંબ નથી માટે સર્વ પાત્રાદિક સામગ્રી તૈયાર કરી રાખો, કે ખેલનો આરંભ થાય.

નટી—પ્રાણપતિ! આજ્ઞાનોજ વિલંબ હતો. બાકી સર્વ સામગ્રી તૈયાર છે.

વિદુ—(પ્રવેશ કરીને) અરે ક્યાંછે ભાઇ ક્યાં છે? તે મને બતાવને? હું આજ્ઞા આપી દેઊ. જો હસ્તા હશે તો વાર લાગશે? ને રોતા હશે તો વાર નહીં લાગે?

સુત્ર—અરે! તુ કોણ છે ને શું જોવા માગેછે?

વિદુ—હું કોણ તે તુ નથી જાણતો? મને તો સૌ એ ઓળખે છે. પણ તું કોણ છે? ને બતાવને ભાઇ કે આપણે આજ્ઞા આપી દઇએ, ને અબોટિયું બદલીએ એટલી વારછે.

સુત્ર—મહારાજ! લાડુ બાકુ તો ન્યાતમાં પણ અત્રે તો સરસ્વતિ લાડુ છે. અને તેની સામગ્રી તૈયાર છે.

વિદુ—તું તો કોઇ દીવાનો દીસેછે કે શું? સરસ્વતિનો તો લાડુ ન હોય પણ પાનાં હોય.

સુત્ર—જા મુર્ખા! તારી સાથે હું કાંઇ જાસ્તી વાત કરવાને માગતો નથી. કારણ કે તારે મોઢે લગામ નથી.

વિદુ—ઓ બાપ! આતો લગામવાળો ઘોડોછે અને તેમાં પણ કહે છે કે મુર્ખછું. અહીં તો ઊભા નહીં રહેવું જોઇએ જો કઇ લાતો બાતો મારશે તો વગર લેવા દેવાના માર્યા જઇશું.

(નાસી જાયછે.)

સુત્ર—ગૃહસ્થો? હવે નાટકનો પ્રારંભ કરવા રજા લેઊછું.

(જાય છે.)

પ્રવેશ ૧ લો.

સ્થળ રાજ્યદરબાર.

પાત્ર.

ચંપકસેન...સુબોધ સાગર...પવિત્રસિંગ...વિદુષક સર્વે રાજ્યદરબારીયો તથા ગણસુંદરી વીગેરે નાયકાઓ.

પવિત્રસિંગ—રાજા ધિરાજ છત્રપતિ ચંપકસેન મહારાજાને ઘણી ખમા!?

વિદુશક— (વચમાંબોલીને) | બડેજાવ મેહેરબાન દોસતજાદા વિદુશક
| માહારાજાને ઘણુંજી ખમા!

(રાજા સભામાં આવે છે ને તમામ સભા સલામ કરી ને બેસે છે.)

ચંપકસેન—પ્રિય સુબોધસાગર?

સુબોધસાગર—આજ્ઞા માહારાજ!

ચંપકસેન—આપણા રાજયમાં તમામ લોકો સલાહ સાંતીથી વર્તે છે કે નહીં?

સુબોધ—પુજયેન્દ્ર, આપના પુન્ય પ્રતાપથી સરવે લોકો પોતપોતાની મેળે, પોતાના દિવશ અનંદથી ગુજાર્યા જાય છે ને સર્વ રૈયત એવી તો સલાહ સાંતીથી વર્તે છે કે બિચારા ન્યાયાધીસ પણ બગાસાં માર્યા કરે છે, તો બીજો અન્યાય કયાંથી થાય.

ચંપકસેન—વારૂ? લુંટારા ઠગારા વિગેરેનો ભય કેવી રીતનો ચાલે છે?

સુબોધ—માહારાજા ધિરાજ? આપણી હદના તો શું? પણ પર હદવાળા પણ શામુ જોઇ શકતા નથી.

ચંપકસેન—ઠીક છે પણ વિદ્યા વૃદ્ધિ કેવી ચાલે છે?

સુબોધ—છત્રપતિ? વિદ્વાન લોકો હાલ સરસ્વતિના પ્રસાદથી હીરા તુલ્ય ઝગી રહ્યા છે. જેમ વર્ષા રૂતુની

અંદર ઝરમર ઝરમર મેવલા વર્સ્યા જાય છે તેમ વિદ્યાન લોકો પોતપોતાની મેળે પોતાના દિવસ વિધ્યાભ્યાસમાં 'આનંદથી નિર્ગમન કર્યા જાય છે.

ચંપસેન—પ્રિય સુબોધસાગર! તમારી આ સઘળી હકીકત સાંભળીને હું અતિ આનંદીત થયો છું. વાહ! પ્રધાનજી! સાબાશ! ઇશ્વર! તું પ્રધાન આપે તો આવા જ આપજે! અવનિમાં પણ આવાજ નરો પેદા કરજે! જેથી દેશની રઇયત સુખી થાય. હે કૃપાળુ ભગવાન! આવા નરોને તું અદલ ન્યાય અને ઇનસાફથી ચીતમાં પ્રેરી આયુશમાન કરજે.

પ્રિય પ્રધાનજી—આજ કાંઇ ગાનતાન કરાવવું જોઇએ ખરૂં?

સુબોધ—છત્રપતિ! જેવી આજ્ઞા.(સિપાઇનેહાંકમારેછે

સિપાઇ—ખુદાવિંદ! (સલામ કરી ઉભો રહે છે.)

સુબોધ—અપને નગ્રમેંસે નાયકાઓકુ બુલાલાઓ.

સિપાઇ—બોહોત ખુબ સાહેબ (સલામ કરીને ચાલ્યો જાય છે.)

ગુણસુંદરી વીગરે—(સલામ કરી.) છત્રપતિ! શી આજ્ઞા.

સુબોધસાગર—ગુણસુંદરી આ સર્વે તારી નાયકા

સખીઓ સાથે તમારા કોકીલ કંઠના મધુર સ્વરથી ઇશ્વ ર પ્રત્યે પ્રતાપિ શીરછત્રના રાજતત્વ સુખનું તથા પ્રજા હિતૈષીનું બીન પક્ષપાતથી વર્ણન કર.

ગુણસુંદરી—જેવી છત્રની પતિ તથા આપની આજ્ઞા.

ઠુમરી.

ધન ધન રાજા ચંપક તમને, ધન ચંપાવતિ નગરી સારી.
ધનધન ૧.
ઇંદ્ર સમાન બળીતમારૂ, હું વારીવારી જાઉ બલીહારી. ધન. ૨
ન્યાય અદલ પુરપાલક છો, સર્વે રૈયતને સુખકારી. ધન. ૩
જગમા જશ ગાયે સર્વે જન એ, આધાર તમારો અતીભારી. ધન. ૪
ધન ધન છે આ પ્રધાનજીને, ન્યાય કરે છે અતિ મન ધારી. ધન. ૫
ધન ધન રૈયત સર્વે સુખી, ઇશ મેહેર નૃપ બલીહારી. ધન ૬.

ચંપકસેન—પ્રધાનજી વાહ! આ નાયકાઓએ કેવું સારૂ અને તમારા કહેવા પ્રમાણે સત્ય મધુર ગાયન કરયું. આ ગાયને મારૂ મન અનહદ ખુશી કરી નાખ્યું વાહ! વાહ!

સુબો—જી હા! ઘણું આનંદીત મધુર ગાયન કરયું.

ચંપકસેન—પ્રધાનજી આ નાયકાઓને ઇનામમાં

કેટલાક નવા પોષાક સાથે સુંદર ઘરેણા સાથે દસહજાર મોહોરો આપડા ભંડારમાંથી અપાવો.

સુખો—જેવી મોહારાજાની આજ્ઞા.

વિદુષક—ઊં. ઊં. ઊં. (એમ કહી રડતો રડતો કહેતો જાય છે) હુંતો ત્યારનો ઘાંટા પાડીને મરીગયો તોય મને તો કાંઈજ નહીં.

સુખો—અલ્યા વિદુષક તું કેમ રડે છે? આમ આવ્ય

વિદુષક—ઊં. ઊં. ઊં. હુંતો ત્યારનો ઘાંટા પાડીને મરી ગયો તો અમને તો કાંઇ નહીં ને પેલી રંડીઆને નવા પોશાક, સુંદર ઘરેણાં, સાથે દસ હજાર મોહોરો આ મારા બાપ!!!

ચંપકસેન—વારૂં! તારે શું જોઇએછીએ બોલ જોઇએ.

વિદુષક (હસ્તાં હસ્તાં) હું બોલુ! મને આપ ! ત્યારે સાંભળો મારે માટે બેસવાનો એક બે મોટા કાન વાળો ઘોડો ને પેહેરવાને તમારા જેવાં લુગડાં (સભા હસેછે)

ચંપકસેન—(ખુશીથઇને) વારૂ! તે તો ઠીકછે પાણ તને કાંઇ આવડે છે.

વિદુષક— હા માહારાજ ! મનેતો બધુ આવડે છે.

ચંપકશેન— ત્યારે બોલ જોઇએ.

વિદુષક— સાંભળો માહારાજ ! મને પેહેલા નંબરમાં

તો મને લાડુ જમતાં આવડે છે. પછી બીજા નંબર પાં
ગી પીતાં આવડે છે પછી તીજા નંબરે

ચંપકશેન—(વચમાં બોલી ઉઠીને) અરે તને આ
કોણ પુછેછે! જે તું આવો લવારો કરેછે ! હું તો એમ
પુછું છું કે તને કાંઈ ગાયન બાયન આવડે છે !

વિદુષક— માહારાજ ! હમને કાંઈ નાક કટીઓની પે
ઠે રાગડા રાગડીઓ તો નહીં આવડે પણ અમેતો લા
ડુ ભટ માટે કહેતો આશારવાદ દઈએ એ હમારૂ કામ છે.

ચંપકશેન—(હસ્તાં હસ્તાં) ઠીકછે ત્યારે બોલ જોઈએ!

વિદુષક— શાર્દુલ વિક્રિડીત છંદ

ચંપા પુરતણા પ્રતાપિ પતિ છો, શ્રી રાજે રાજેશ્વરા,
કાર્યો આચરવા પ્રજા હિતતણા, હો સર્વદાત ત્યારા,
સુજ્ઞાની સતવાદિ ગુણવંતા, ગંભીર અંતર થકી,
કૃત્યો આજગમાં દીસે તમતણાં આનંદ કારી અતી.
થાઓ આપ યસસ્વિસો આર્ય ખંડે, રીપુ પરાનાસતા,
એવા આપ કૃપાળ રૈયત પતિ, પુરી પુરો ધારણા;
પ્રેમે અમર આયુ પ્રભુકરો, આવા નૃપો રાજમાં
પ્રેમેથી જગદીશ્વરા જયકરો, પુરી પુરો વાંચ્છના ૦ ૨

ચંપકશેન— બસ એટલુંજ કે !

વિદુષક— અરે માહારાજ આપનેતો થોડું પડે છે પણ મારેતો ઘાંટોએ બેશી ગયો માટે હવે કાંઇ મિષ્ટાન પાણી ઠરે તો સારૂ.

ચંપકશેન—પ્રધાનજી! વિદુષક ને જે જોઇએ તે કોઠારમાંથી અપાવો ને હવે સમય વીતી ગયો છે માટે કચેરી બરખાસ્ત કરો-

પવિત્ર સિંગ— રાજા ધિરાજ શિરછત્ર દોલત જાદા ચંપકસેન માહારાજ ને ઘણી ખંમા. કચેરી બરખાસ્ત.

પ્રવેશ ૨ જો.

સરોવર કિનારે.

સુલોચના.....કામદા....પુષ્પસેન.....બુધીસાગર

સુલો—(પુષ્પસેન ને નિહાળીને) સખી! જોજો! પેલા બે પુરૂશ કોણ આવે છે, વાહ તેમાં એકની શીકાંતી છે! એના મુખાવિંદ ઉપરથીજ કોઇ રાજ્યકુમાર જેવો દીસેછે, ને તેની પાસે કામઠું છે તેથી જાણે શિકાર કરીને આવતો હોય એમ માલમ પડે છે. આહાહા! સખી! જે સ્ત્રી આ પુરષને વરી હશે તેના ભાગ્ય ની કાંઇ બાકી હશે કે ના નહીંજ હોય.

કામદા.— એમાંશું ! મારાપતી કરતાં એ કાંઇ વધારે છે ! કાંઇજ નહીં એ પણ પુરૂષ છે ને આ પણ પુરૂષ છે.

સુશો— અલી બેન તુ આવી વિદ્યાવાન થઇ ને કાં ભુલી ! કયાકથીર ને કયાં સુવર્ણ કયાંહીરોને કયાં પથર, કયાંરાજા ભોજને કયાં ગાંગો તેલી! માટે બધા સરખા કહેવાય કે !

કામદા— નહીં! નહીં! સખી ! મારૂતો કેહેવું એમ છે કે મારા પતિના જેવો છે.

સુશો—(સરમથી) તે તો ઠીક છે. પણ સખી મારા લગન આજ રાજકુમાર સાથે થાય તો કેવું સારૂ!

કામદા—જાજા ! સખી ! એવી તે શું ગાંડાઇ કાહાડે છે એ કોણ તું કોણ એ કોણ જાણે શીએ ન્યાત હશે માટે રસ્તે જનાર વટેમારગુની તારે શી જરૂર છે. જે આવા ખોટા વિચાર મનમાં લાવે છે.

સુશો—પ્રિય સખી! ગમે તે હોય પણ તે મારી સાથે લગન કરે તો હું તત્પર છું સખી! એના મુખાર્વિંદ ઉપરથી એ નીચ જાતી હોય એમ દીસતું નથી. ને ચાલક એ ચપળ દીસે છે. સખી! નક્કી તે રાજકુમારજ છે. જો મારૂ લગન તેમની સાથે નહીં થા

ય તો નકી મારો પ્રાણ જશે!

કામંદા— જાજા બેન! આવી તું શું ગાંડાઇ કાહા ડે છે હું હવે તારી સાથે નહીં આવું રસ્તે જનાર વ ટેમારગુ ઉપર એક દમ આવો વિચાર કરતાં તને શરમ નથી આવતી! આવુ તે બોલાયજ?

સુલો— બહુ સારૂ! જો તું નહીં આવે તો હું એકલી આવીશ. તમારે છે એટલે બીજાની ફીકર શી! પણ જ્યારે કામની પીડાનો તાપ સહેવો પડતો હોય ત્યારે માલમ પડે. (સુલોચના માથે બેડુ લેછે ને પુષ્પસેન નજીક આવી પોહોચેછે ને પોતે પુષ્પસેન સામા કટાક્ષ મારે છે, પાણ પુસ્પસેને સામું નહીં જોયાથી)

ગજલ

વીર પધાર્યા કયાં થકી, જાતિ કાર્ય મુળ ઠાર;
શસ્ત્ર સજ્યાનો ભેદ શો, સત્ય કહો આ વાર.

પુષ્પ—ગોરી ગૌરવ રૂપવાનતુ, જ્ઞાતિ જાત કહે આજ;
પ્રશ્ન પુછે ચતુરાઇથી, શો હેતુ શુ. કાજ.

સુલો—કીધુ ધારણ કામકુ. શોભીતુ બળવાન.
ઉપયોગ કરે જાણુ જ હું, બળીસ્ટને સુરવાન.
સાધન આપુ આ સમે, જે ઘટ ધાર્યો મે શીર.
તેને તાકી તતક્ષણે, ફેંકો શુરવીર તીર.

તીર આપનું છુટીને, વેંધે ઘટ ઘડી માંહ્ય.
બ્હાદુર સુરવીર જાણીને, છોડ હાર ભ્રુ આંહ્ય
આ એકાવળી હાર મુજનો, આપુ હું તતકાળ.
જો હારો તો આવજો, મેહેલે કાઢી ભાળ.
પુર્વા પુર્વે વચન દેશો, વચન માતને તાત.
વચન સાત પેઢી તણું, આપુ છું સાક્ષાત.

પુ૦પ—ગોરી મુખથી શું વદ, વીચાર કર ચિતમાંહ્ય.
તીર વેંધશે ઘટતવે, થશે ત્રાકથી હાય.
વચનો દેતુ અતિઘણાં, વચન માહેરૂ એક.
તીર તાણીયું નિરખઆ વચન તણું ધરી ટેક.

(જેવું તીર ઘડા ઉપર આવે છે તેવુંજ સુલોચના ચુકાવી દે છે. ને સખીયો સાથે હસી પડે છે તેથી પુ૦પસેન ગુસ્સે થઇને.)

પુ૦પ—પ્રિય બુદ્ધિસાગર—હું કોઇ દીવસ પણ ભુલુ નહીં. ને આજે ભુલ્યો તેનું શું કારણ હશે. (વિચાર માં પડે છે.)

બુદ્ધિ—પ્રિયદોસ્ત—જે વાત બની તે ખરી માટે તેનો હરખ શોક કરવો તે મીથ્યા છે માટે હવે તો તેને મેહેલે જાઓ.

પુ૦પશેન—(સુલોચનાને હશીને કહે છે.) તારૂ મંદીર

ક્યાં છે તેની તું મને નીશાની આપ કે હું અડધ રા ત્રીએ આવું..

દોહરો.

સુલો—નિત્યે પાવક પરજળે, પ્રતક સજીવન થાય.
તેથી મોʼલ ઉચેરડો, એ એંધાણી રાય.

પુષ્પ—લે ત્યારે હું હવે રજા લેઊં છું.

સુલો—વેહેલા પધારજો.

પુષ્પ—બહુ સારૂ (ચાલ્યો જાય છે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ સુલોચનાનો મેહેલ.

સુલોચના...... સુરેખા .... પુષ્પસેન........

(સુલોચના કોચ ઉપર સુતી છે ને તેની માતુશ્રી આ વતાં જોઇ ઉભી થઇને.)

કેમ માતાજી! મારૂં કાંઇ કામ છે! હું અહીંઆં જરાસુ તી છું.

સુરેખા—માહારી વાહાલી! આજે કેમ સુતી છે. જીવને કાંઇ અસુખ છે કે શું! અસુખ હોય તો હમણા જરા સુઇ જા એટલે સુખ થશે.

શુલો—માજી અસુખ તો એવડું કાંઇ નથી પણ મને આજે એક સ્વપ્નું આવ્યુ તેમાં જાણે હું એક સુંદર મનોહર રાજકુમાર સાથે પરણી. ને જાગીને જોઊછું તો કાંઇ પણ દીઠું નહીં તેથી મારો જીવ બહુજ બળે છે કે હજી સુધી મારાં માત પીતાએ મારાં લગ્ન ન કરયાંજ!

શુરેખા—બેન તું બીલકુલ દીલગીર થઇશ નહીં. આજે તારા બાપની સાથે મારે તારા વીષેનીજ વાત નીકળી હતી ને ગોરને બોલાવીને આજ તારા લાયક વર સોધવાને મોકલ્યો છે ને લગ્ન પણ ઓણજ લેવાનાં છે.

શુલો—માજી! આગળના વખતમાં જેમ ઇચ્છા વર વરાતા હતા તેમ મારાં લગ્ન કરે તો બહુજ સારૂ નહીં તો હાલના આવા ગાંડુ ચાલ પ્રમાણે તો નહીં પરણું.

શુરેખા—દીકરી! તું આવી ડાહી શાણી થઇને ગાંડાઇ શી કહાડે છે.

સુલો—ગમે તો ડાહી કહો કે ગાંડી કહો પણ હું તો ઇચ્છાવરજ વરવાની.

સુરેખા—બેન !તું આવી ડાહી થઇને આવું ના બોલ કારણ કે નાતમાં એકે ઠેકાણે આવું થયું છે? ને તેમાં આપણે તો વળી નાતના શેઠીયા કેહેવાઇએ.

શુલો—ન્યાતમાં એક ઠેકાણે આવુ થયુ નથી મા ટે આપડે પેહેલ કાડવી કે તમામ ન્યાતમાં આ રીવાજ ચાલે ને બીચારી મારા જેવી તો આશીશ દેશે કે આ રીવાજ કાહાડનારનું સારૂ થજયો.

સુરે—બેન તું આવું બોલવું જવાદે ને જો તારાપિતા આ વાત જાણશે તો તેમને પણ ઘણું માઠુ લાગશે.

સુલો—માજી ગમે તે થાઓ પણ હુ તો મારી મેળે ઇચ્છા વર વરી ચુકી છું મારા માટે વર સો ધાવશો નહીંજ.

સુરે—તે કોણ છે તે કેહેતો ખરી!

સુલો—એ આપડા નગ્રના રાજા ચંપકસેનના કુમા ર છે ને તેઓ વિદ્યાભ્યાસમાં અતિ કુશળ ચંચળ ચતુ ર એવા આગ્રહી, બુદ્ધિશાળીને હું વરી ચુકી છું.

સુરે—અરે ગાંડી! એવી તે શી વાત કહાડે છે એ ક્ષત્રીને તારાથી વરાયજ કેમ! તેં તેમાં કોઇની સલાહ લીધી છે! બારોબાર પુછ્યા સીવાય તારાથી કામ થાયજ?

સુલો—(દીલગીરી સાથે સરમાંઇને] માજી ગમેતે કરો પણ આ દુનીયામાં તો હું તેમને વરી ચુકીછું ને જો આપ મારાં લગ્ન એમની સાથે નહીં કરો તો હું મારો પ્રાણ ત્યાગ કરીશ.

સૂરે — જાજા! તુંને સરમ નથી!, આવું બોલાય! કે ના બોલાય તેનું તેને ભાન નથી? હવે હું જાઉછુ (જવા માંડે છે)

સુલો — બહુ સારૂ માજી! વિચાર તમારે કરવાનો છે! (સુલોચના વિચાર કરેછે) હવે મારૂ શુ થશે. હે ભગવાન! જો મારા પિતા મારી મરજી પ્રમાણે લગન નહીં કરે તો નિશ્ચે મારે મરવું પડશે.

ઠુમરી.

પ્રભુ મેહેર કરી દીન તણિ સાહય કરોરે. દુખી તમારી બાળકી. પ્રભુ મેહેર.

મનની ઇચ્છા પુરિ ના થાએ. વ્રથા જગ જાણી પ્રાણ થાશો પરોરે. પ્રભુ મેહેર.

સ્વપ્ન સમા આ અલ્પ જગતમાં, દયા આણી સુખ કાજ પ્રભુ સારોરે. પ્રભુ મેહેર.

અખીલ પૃથ્વિમાં પીતા ભ્રાતા છે, પ્રિયે પુષ્પસેન વિના સર્વે નરોરે- પ્રભુ મેહેર.

(સુલોચના આગાયછે એટલામાં પુષ્પસેન આવી બાહારણું ઉઘાડે છે પણ એટલામાં આ ગાયનનો અવાજ સાંભળી ને બારણા આગળ ઉભો રહેછે.)

ભંજન દુઃખના માત પિતાની મતિ બુરી ટાળિમારી

ઇચ્છા પુરોરે.   પ્રભુ. મેહેર.
કરગરિ કરગરી વિનતિ કરૂં હું દયાવાન કૃપા નિધી
તમે ધ્યાન ધરોરે.   પ્રભુ. મેહેર.
પુષ્પ (સ્વગત) ઓહો! આતો મારે માટેજ ઇશ્વરની સ્તુતી કરતી દીસે છે ને શું! એતો નિશ્ચય ભાસે છે કે એના મનમાં મારી સાથે લગ્ન કરવાની લગનીજ લાગી રહેલી છે.

શુલો—અરે! હજુ સુધી પોતે કેમ નહીં આવ્યા! અડધ રાત્રીતો વીતી જવા આવી છે! શુ પોતે કાંઇ હરકતમાં તો નહીં આવી પડયા હોય! ચાલજી બારીએ જઇને બેસુ કે પોતે આવે તેવાજ મારી દૃષ્ટી એપડે (કાન દઇ) અરે નિચેના કમાડ કોણ ઠોકેછે! ચાલ જઇને જોઉં આતો પોતેજ હું હમણાં તમારૂ ચિંતવન કરતી હતી.

પુષ્પ (હાસ્યથી) અને મારૂ મન પણ તમારામાં જ હતું (અંદર જઇ બને કોચ ઉપર બેસે છે,

શુલો — કેમ પ્રાણનાથ! લગ્ન વિશે શું કરયું!

પુષ્પ —પ્રિયાતું તે વિશે કાઇ ચીંતા કરીશ નહીં કાલે ગોરને તેડાવીને લગ્ન જોવરાવીશું.

શુલો — પ્રાણ પ્રિય ફીકરતો એવડી કાંઇજ નથી પણ કદાપિ મારાં માત પિતા આપણાં લગ્ન થતાં

અટકાવે ને બીજા સાથે કરે તો પછી પિડા થાય મા
ટે મારી તો એવી મરજી છે કે આપણાં ગાંધર્વ લગ્ન
થાય તો બહુજ સારૂ પછી આપની જેવી મરજી.

પુષ્પ — દિલોજાન! તું કહે છે તે ખરૂ છે. પણ હું રા
જ કુમાર છું ને એવી છુપી રીતે પરણવું તે ઘટે નહીં
માટે તારે તે વિશેની કાંઇ ફીકર કરવી નહીં જો તા
રાં માત પીતા અટકાવશે તો તેપણ મારા રાજ્યના તા
બામાં છે એટલે અડચાણ કાંઇ પણ નથી.

સુલો — પ્રેમ સાગર! આપનું કહેવું સત્ય છે!પ
ણ! અવસર ચુકયા મેવલા" માટે વખત નહીં ચુકવો
પછી તો આપની મરજી.

પુષ્પસેન — કુમળાંગી! તારે એ વીશેની બીલકુ
લ ફીકર નહીં કરવી! લે હવે રાત્રી વીતી ગઇછે પ્રાતઃ કા
ળનો સમય થવા આવ્યો છે માટે હવે રજા છે!

સૂલો — પ્રાણધાર! આપ પાછા કયારે મળશો.

પુષ્પસેન — જયારે ઇશ્વર મેળવશે ત્યારે!
લ્યો હવે હું જાઉછુ (જાયછે)

સુલો — પ્રિયે! પ્રિયે! પાછા વળો. મુખાર્વિંદ ફરીથી
જોવાદો (પાછો આવે છે ને તેને જોઇને પુષ્પસેન કહેછે)

પુષ્પ — આહાહા! આભવ્ય મહેલ ને મન મોહી

ત પ્રિયા નછૂકૂથી જતાં કોનું મન થાય! પણ ઘ
ટીત છે.કે હવે જવું જોઇએ (જાયછે]

પ્રવેશ ૪ થો.

સ્થળ રાજ દરબાર

ચંપકસેન .સુબોધ સાગર...ખેડુતો. પવિત્ર સીંગ.

પવિત્રસિંગ — માહારાજા ધિરાજ! છત્રપતિ ચં
પક સેન માહારાજા ને ઘાણી ખંમા!! (રાજા ધિરાજ આ
વી સિંહાસન ઉપર બેસે છે ને ખેડુતો પ્રવેશ કરેછે)

૧ ખેડુત — ફરીયાદ! ફરીયાદ! ફરીયાદ! છાબ ફરી
યાદ (રડી પડેછે)

ચંપકસેન — (ચમકી ને) અરે શું છે શું છે.

૨ ખેડુત — અરે. છાબ ફરીયાદ! ફરીયાદ! આપણી
શેમમાં બે વાઘ આવ્યા સે ને છાબ મારે તો જવાન ન
વો બળદીયો મારી નાંછયો. ને મારી વાંહે પડયો તે છા
બ હુંતો બાજરીમાં હંતાઇ છીયો.

૩ **ખેડુત** — ફરીયાદ! ફરીયાદ! છાબ ફરીયાદ! મા
રો એકનો એક દીચરો જવાન જોધ મારી નાછયો.

ચંપકસેન — કોણે મારી નાખ્યો!

૩ **ખેડુત** — અરે છાબ! વાઘ આવ્યા છે તેમણે છેલ

રમાંથી મારી નાંછ્યો.

ચંપકસેન — પ્રધાનજી આપણા સેનાધિપતીને બોલાવો ?

સુબોધ — અરે કોઇ છેકે સિપાઇ ?

સિપાઈ — કયું શાબ ?

સુબોધ — જાઓ અબીકે અબી સેનાધિ પતિકું બોલા લાઓ !

શિપાઈ — બહોત અચ્છા સાબ (સલામ કરી ચાલ્યો જાય છે-

સંઈનાધી — (સૈનાધિપતી આવેછે ને સલામ કરી ઉભો રહેછે) માહારાજ શો હુકમ ?

ચંપકસેન — મારી ખાતરી છે કે તમે કોઇ પણ કામમાં પાછી પાની કાહાઢો એવા નથી. પણ આજે વિસેષ કામ સારૂ બોલાવ્યા છે પ્રધાનજી! તમે આપણા નગ્રમાં એવો ડંડેરો પીટાવોકે સર્વ રઇયત વાઘ મારવા સારૂ પોત પોતાના હથિયાર સજી આવે ને જે કોઇ નહીં આવે તેને અવળી ઘાણીએ પીલાવવામાં આવશે. ને સેનાધિપતિ તમે પણ સૈન્ય તૈયાર કરોને નકી કહુંછુ કે જેકોઇ રહી જશે તેને ના હણું તો મને ગૌહત્યાનું પાપછે.

સુબોધ — માહારાજા સોગન ન ખાશો વખતે કોઇ પણ રહી જશે ? „

ચંપક — ગમેતે હોય ચાહતો મારો દીકરો હોય પણ મારૂ વચન પાછુ નહીં ફરવાનું. લ્યો હવે તમે ચાલતા થાઓ ને હું મેહેલમાં જઇને ત્યાં બારોબાર આવી પોહોચું છું

સુબોધ — બહુ સારૂ માહારાજ! જેવી આજ્ઞા.

(રાજા ધિરાજ જાય છે ને દરબાર બરખાસ્ત થાય છે)

પ્રવેશ ૫ મો.

સ્થળ શેહેરની બાહર.

લશ્કર......ચંપકસેન.... .સુબોધ સાગર

સઇનાધિપતિ— ગરબો.

ચાલો ચાલો વાઘોને મારવા સારૂ જઇએરે!
આપણી તો શીમમાં વાઘ આવ્યા છે બેઉ;
માટે ઝટ ચાલો આપ ફરજ બજાવિએ! ચાલો. ૧
સાચવજો સઉ કોઇ ભુમરાણ કરવિ નહીં,
પકડી ઝાલીને તેને તો મારી કાપી નાખીએ. ચાલો ૨

૧ સિપાઇ—અરે? ઓ રામશીંગ ? તું ગડબડ કે

પણ તારો કાકો હમણાં આવશે કનેતો બારજ વગાડ શો?

૨ **સિપાઈ**—અરે મરોરે, મરો? તમે જોયા હવે લડવૈયા આ આટલા વાઘમાં આમ કરોછોંતો તમારો કાકો કોઇ બીજો રાજા લસ્કર લેઈને આવશે ત્યારે તમે શું કરવાના પણ જ્યાં સુધી મારા જેવા લડવૈયા માહે સાંમેલછે ત્યાં સુધી કોની માએ શેર સુંઠ ખાધી છે કે મારાસામો આવે.

૩ **સિપાઈ**—ત્યારે તો તમે બાહાદુર લડવૈયા નહીં વારૂ!

૨ **સિપાઈ**—હાજતો? એતો રાજા સાબના બાપ વારી મારા બાપે બાહાદુરી કરી તે વખતના-

૩ **સિપાઈ**—ત્યારે તમે પણ બાહાદુરી કરી જાણો ખરા!

૨ **સિપાઈ**—હાજતો? તમારી મરજી હોયતો ગાઇ બતાવું.

૩ **સિપાઈ**—વારૂ? ગાઓ જોઇએ (ગાયછે.)

૨ **સિપાઈ**—(અલહફ્સે તું યાદકર અલ્લાહક્કુ હરદમ) એ-રાહ-

સાંભળો કીર્તી મારી કહુંછુ હું મોંડેથી આજ. લડાઇ માં હું સૌથી બાહાદુર. બાહાદુર કહે માહારાજ.

સાંભળો- ટેક ૧

મારા પિતાએ બાહાદુરી કીધી, બાહાદુર કાવું આજ

લડાઇઓ મેં બંધ કીધીછે, મંદ મારો સૌ સાજ. સાંભળો. ૨
હું લડનારો બાહાદુર પુરો, લાકુ સાથે ખાજ
લડાઇમાં બાહાદુરી કરતાં, લબુ લબુ અંગ આજ સાંભળો. ૩
લડાઇ સમે આડા અવળાં બા'નાં નીકળે બહુ
લડાઇ થાય ત્યારે પાછળ આંટો મારી રહૂ. સાંભળો. ૪

૩ **સિપાઈ**—બસભાઇ બસ! જાણી તારી બાહાદુરી લે હવે સૈનાધિપતી ને રાજા આવેછે માટે છાનો રહે

(રાજા ધીરાજ, પ્રધાન, સૈનાધિપતી વીગરે આવે છે સર્વે સલામ કરે છે.

ચંપકસેન—કેમ! સૈનાધિપતી લશ્કર તૈયાર છેકે નહીં, જો બરોબર તૈયાર હોય તો ચાલો જુઓ કે જે ઘાણી બાહાદુરી બતલાવશે તેને વધારે ઇનામ મળશે.

સર્વે ચાલે છે.

પ્રવેશ પાંચમો સમાપ્ત.

પ્રવેશ ૬ ઠો.

સ્થળ રાજ્ય મંદીર

ચંપાવતિ.....પુષ્પસેન....

ચંપા—(પુષ્પસેનને આવતો જોઇને) ભાઇ તું ક્યાં થી આવ્યો ને શા સમાચાર લાવ્યો વાઘ કોણે માર્યે ને શીરીત થઇ.

પુષ્પ—ચમકીને) વાઘ શાને શી વાત કહોછો.

ચંપા—અધીરાઇથી) ભાઇ તુંને ખબર નથી કે શું ને તું નથી ગયો.

પુષ્પ—ના માજી હું તો કાંઇ જાણતો નથી ને વાઘની પણ ખબર નથી.

ચંપા—જો ભાઇ ગઇ કાલના આપણી હદની શીમમાં વાઘ આવ્યા છે ને કેટલા એક માણસનો જીવ લે છે ને જાનવરોને પણ મારી નાંખે છે તેથી લોકો બુમરાણ પાડતા તરાપીતાની પાસે ફરીયાદ આવ્યા તેથી તારા પિતાએ ડંડેરો પીટાવીને સર્વે સૈન્ય લેઇને વાઘને મારવા સારૂ ગયાછે ને તમણે પાણ લીધુંછે કે જે કોઇ• નહીં આવે તેને હણીશ માટે ભાઇ તું ત્યારે તાકીદ જઇ પહોચે.

પુષ્પસેન જાયછે એટલામાં દરવાજા આગળ લશ્કર આવી પોંચેછે ને પુષ્પસેન પાછળ આવેછે.)

પ્રવેશ છઠો સમાસ.

પ્રવેશ ૬ ઠો.

સ્થળ. અરણ્ય.

ચંપકસેન...સુઓંવસાગર...સૈનાધિપતિ...લશ્કર...

ચંપક—સૈનાધિપતિ જુઓ! જુઓ! પેલો વાઘ ઉભો

સેના—હા! રાજાધિરાજ તેજ છે(એમકહી પાછળ સૌ દોડે છે ને સૈનાધિપતિ ઓચીંતો મારી નાંખે છે.

ચંપક—શાબાશ! સૈનાધિપતિ શાબાશ!. હવે મારી પુ ણિ ખાત્રીથઇ કે તું મારૂ ખાધેલું લુણ હલાલજ કરેછે- પ્રધાનજી સૈનાધિપતિ ને પાંચ હજાર મોહોર સીરપા વમાં આપો.

સુબોધ—બહુ સારૂ મહારાજ જેવી આજ્ઞા.

ચંપક—પ્રધાનજી જુઓ જોઇએ હવે કોણ કોણ નથી આવ્યા. તે વિષે તપાસ કરો. (પોતાના કુંવરને ન દીઠાથી ધાસ્કો પડે છે.]

સુબોધ—માહારાજા ધિરાજ સર્વે લોકો હાજર છે પ ણ ફકત આપના કુંવાર માલમ પડતા નથી.

ચંપક—શુંએ દુષ્ટ નથી આવ્યો? કાંઇજ ચિંતા ન હીં હું હમણાં ઘેર જઇને મારાહાથેજ હણું છું પ્રધાનજી ચાલો હવે. (સર્વે જાયછે).

પ્રવેશ છઠો સમાપ્ત.

પ્રવેશ ૮ મો

સ્થળ. નગર શેઠનો મેહેલ.

નગરશેઠ..સુરેખા...ભુખાણીઓ... સુલોચના.

સુરેખા—હે સાંભળો છોકે આપાણી સુલોચના એ તો કામ આધુ નાખ્યુંછે નેશું.

નગરશેઠ—શું છેટે કહેટો ખડી.

સુરે—અરે? શુંતે શું. આપણે આજ સુધી જાણતા

તાકે તે તેની મેળે પોતાનો વિદ્યાભ્યાસ કરે જાયછે પણ બેનનાં તો કામ વધ્યાં દેખાયછે ને શું? તેતો કહેછે કે હુંતો મારી મેળે વરજોઇ ને વરવાંની છું માટે મારે સારૂ વર જોવરાવશો નહીં.

શેઠ—શું હું આબધી સાચીવાટ કેહેછે માડા માનવામાં નડી આવટી. માડી દીકડી થઇને આવું કડી એ બોલે નડીં.

સુરે—તમને જો ખાતરી ન થતી હોય તો તેને બોલાવીને પુછો એટલે માલમ પડશે.

શેઠ ઠીકછે ત્યાડે અડયા ભુખાણીયા આમ આવ્ય.

ભુંખાણીયો—ચમછે સેઠ માડુ હુ કામ પડયુછે.

શેઠ—અડે રાંડના કાંમ વના બોલાવટા હઇશું હૂ જાને બેનને બોલાવી લાવ, ને કેહેજે કે બાપ બોડાવેછે.

ભુખાણીયો—અહુ હારૂ.

સુરે—અને વળી તેતો કહેછે કે મારાં લગ્ન તો આપણા રાજા ચંપકસેનના કુવર વેરે થવાનાં છે માટે મારા લાયક તો તે વરછે.

સેઠ—ઠીકછે. એને આવવાડે પછે વાટછે એમટો ઢેડની ન્યાતમાં હાડો વડ હોય એટડે તેણે વડાય કે? એ કોણ ને આપડે કોણ ને એવીવાટ થાયજ કેમ?

સુલો—(પ્રવેશ કરીને પ્રણામ કરેછે), કેમમાજી, પીતાજી મારૂ શું કામ પડ્યું છે?જે કામ હોય તે કહો, હું કરવાને તત્પર છું.

શેઠ—અડે ડીકડી! આટાડીમા શું કહેછે એટો એમ કેહેછે કે ડીકડી કાંઇ બોડતી હતીહાચી વાટ?

સુલો—પીતાજી, મારી આપને ખાત્રી છેકે હુ વગર વિચારી કોઇ પણ અક્ષર બોલુ છું? આપ મારા જાણીતાછો.

સેઠ—અડે રાંડ, હુ કહેછેએટો કાંઇજ કેહેટી નઠી.

સુરેખા—લગ્નવિશે તુ કહેતીહતી ખરી કે નહીં?

સુલો—હા પીતાજી, મારા લગ્ન જો મારી મરજી પ્રમાણે થવા દ્યો તો વધારે સારૂ કારણ કે આગળના વખતમાં જેમ ઇચ્છાવર વરાતા હતા તેનો લાહવો ઘણો જ લેવાતો હતો ને બંને જોડુ અખંડ રહી અતિષય આનંદી રહેતું હતુ ને હર્ષનાં દિન ગુજારતું હતું.

શેઠ—અડી ગાંડીરે! ગાંડી, માડી દીચડી આવી ડાઇ કઇને? લગ્નવિશે આવીટો ખોટી ખોટી વાટેટે કડતાં હઇશુ?

સુલો—પિતાજી ગમે તેમ કરો પણ આજગતમાં તો હું એ આર્ય પુત્ર પુષ્પસેન ને વરી ચુકીછું માટે આપને જોમારાં લગ્ન ધામ ધુમ સાથે કરવાં હોય તો તેમ-

ની સાથે કરો.

શેઠ—અડેડે હેંહેં! હાવું ટેં શુ બોડેછે અંણે હેણા-ઠી એવી ટાડાથીવડાયજ કેમ? ખમડ=ડાર? જો હવેઠી એવી વાટકાહાડીટો ભણેલી ઠઇને હેવી વાટ કાહાડેછેટે ટને સ ટમ નઠી આવટી? જા! જા હવે.

સુલો—પિતાજી જોતમે મને કુશળ ચાહતા હોવતો મારાં લગ્ન મારી મરજી પ્રમાણે કરાવો.

શેઠ—ટુ જાડુવે ટને જાણી (સુલોચના ચાલી જાય છે) ટું ભણી એટડે બહુ સમજી! હવે આપણે શું કડ વુ છોકડીતો નહી માને.

સુરે—તેમાં હું શું કરૂ તમારી ધ્યાનમાં આવે તેમ કરો.

શેઠ—અડે રાંડ ટુ મચી રહીકે માહે છોકડીને ભણાવવી છે નહિટો માડે તો કાંઇ ભણાવવી નહોટી

સુરે—મુઆ તમે ને મોઇ છોકરી તેમાં મને શું કરવાને દોશ ધ્યોછો જે (એમ કહીને ચાલી જાયછે એટલે સેઠ)

શેઠ—અડે રાંડ ટને કોન કહેછે ટુ કયાં જાયછે? આંમ આવ્ય. (બંને ચાલ્યાં જાયછે)

પ્રવેશ આઠમો સમાપ્ત.

પ્રવેશ ૯ મો.

સ્થળ, રાજ્ય દરબાર.

ચંપકસેન...સુબોધસાગર..પુષ્પસેન..બુદ્ધીસાગર..
ચંપાવતી.. બીજી સ્ત્રીઓ...

ચંપકસેન—હાંરે કોઇ છેકે?

પવિત્ર—આજ્ઞા માહારાજ! (સલામ કરીને ઉભો ર રહેછે.)

ચંપકશેન—પ્રધાનજી ને સત્વર બોલાવી લાવો ને પુષ્પસેન ને પણ જ્યાં હોય ત્યાંથી પકડી લાવો.

પવિત્ર—બહુ સારૂ માહારાજ!

સુબોધ—(પ્રવેશ કરીને) કેમ માહારાજ શી આજ્ઞાછે?

ચંપક—મારે પુષ્પસેનને અત્યારે હણવોછે માટે તમને બોલાવ્યા છે.

પુષ્પસેન—(પ્રવેશ કરીને) કેમ પિતાજી શી આજ્ઞા? કહોતો મસ્તક ધરૂં.

ચંપકસેન—(ગુસ્સેથઇને)ગઇ રાત્રીએ કયાં ગયો હતો? તે સાચે સાચું બોલ.

પુષ્પ—પિતાજી હું અપરાધી છું માટે મને તમારી

ધ્યાનમાં આવેતે શીક્ષાદ્યો (એમ કહી હાથ જોડી ઉભો રહેછે.)

ચંપક—હાંરે કોઇ હાજર? જાઓ એનું મસ્તક ઉડાવીદયો.

ચંપાવતી—(પ્રવેશ કરીને) અરેરે? પ્રાણનાથ? આ પઆ શું કરવાને બેઠાછો? મારા પુત્રનેતો હુ નહીં મારવા દઉ ગમેતો એની વતી મને મારો.

પુષ્પસેન—માજી! તમારે આબાબતમાં મારાપિતાજીને અટકાવાની કાંઇ પણ જરૂર નથી કારણકે તેમનું વચન જાયતો હુ જીવ્યો શા કામનો? આદુનીયામાં સર્વને મરવાનુંજ છે માટે ક્ષણ ભંગુર દેહનો ઘડી એકનોપણ ભરૂસો નથી ને જુઓકે વચનને માટે હરીશ્ચંદ્ર જેવા પ્રતાપવાન રાજાને એક નીચને ત્યાં દાસ પણું કરવું પડયું- પાંડવ સરખા પ્રતાપવાન યોધ્ધા, તેમને પણ વચનના માર્યા વનવાસ નીકળવું પડયું હું તો ત્રણમાત્ર છું માટે મને રજા આપો.

ચંપક—તું ગમે તેમ કર પણ આજે હુ તેને હણ્યા વીના રેહેવાનો નથી ને મારૂ વચન કદીપણ મીથ્યા થાય નહીં.

ચંપાવતી—ત્યારે હું આપને પેહેલેથીજ જીવ આપુછું.

ચંપકસેન—પ્રધાનજી હવે શું થાય?

સુબોધ—માહેંદ્રજી આપને તે વિશે કાંઇ ફીકર કરવી નહીં જોશીને હું તેડાવુછું, અરે સિપાઇ છેકે?

સિપાઈ—હાજર સાબ!

સુબોધ—જાઓ અબીકે અબી પંડિતરાજકું બુલાલાવ

સિપાઈ—બોહોત અછા સાબ (સલામ કરી ચાલેછે?

પંડીતજી—કેમ માહારાજાધિરાજ મારૂં શું કામ પડયુંછે? જે હોયતે સુખેથી કહો.

સુબોધ—જુઓકે માહારાજાએ પણ લીધુ હતુંકે જે કોઇ વાઘને મારવા સારૂ નહીં આવે, તેને મારે હાથે હણીશ, હવે તેમાં પોતાના કુવરજ રહી ગયા, તેને મારતાં રાણી પોતે હત્યા કરેછે, (પોતે પ્રાણ આપેછે) માટે કાંઇ ઉપાયછે કે પોતાનું પણ રહે, ને બનેના જીવ બચે તે શાસ્ત્ર આધારે કૃપાકરી કહો?

પંડીતજી—શાસ્ત્રમાં કહેલુંજ છેકની તેના જેવી શીક્ષા બાર વર્ષ સુધી વનવાસ કહાડો તો તે લાગુ થઇ શકેછે, પછીતો જેવી આપની મરજી.

ચંપક— (ગુસ્સે થઇને) ત્યારેતો પંડીતજીના કહેવા પ્રમાણે બાર વરશ વનવાસ જાઓ.

પુષ્પસેન—જેવી આપની આજ્ઞા.

ગજલ ભેરવીની.

જઉછું હવેછ આખરે, ના આપણે પ્રણામછે.
પ્રણામછે માતા તુને, એ પીતા ઘણા ઘણા.
જઉછું. ટેક-

પ્રણામછે આદેશને, એ પ્રણામ લોકને.
સોસો ઘણા પિતાજીના, પ્રતાપને પ્રણામ.
જઉછું. ૧
પ્રણામછે મુજ મિત્રાને, મુજ તખને પ્રણામ.ટેક.૨
પ્રણામ મંત્રી આપને, અન્ય સર્વને પ્રણામ.
જઉછું. ટેક. ૩

(એટલામાં બુધ્ધીસાગર આવેછે) પ્રિયે બંધુ તુને મારા છેલ્લા પ્રણામછે (એમ કહીને બંને રડો પડેછે,

બુદ્ધીસાગર—અરે! પ્રિયે બંધુ મને આપનાં દર્શન કયારે થશે? (એમકહી રડેછે ને રાજા પાસે જઇ રાજાને) પિતાજી આપના સકોમળ કુમારને વનવાસ કહાડોછો તેતો ઠીકછે ને કુમારે પણ આપનું વચન માન્ય કર્યુંછે તો આપનાજ કુંવરનું વચન જાય તે ઘણુ અઘટીત થાય છે માટે જો આપની ઇચ્છા હોય તો કુંમારને બોલાવી પુછો એટલે ખબર પડશે.

ચંપક—પુષ્પસેના! તું સાચે સાચુ કહે, મારી દેહેશત

બોલકુલ ગણીશ નહીં તું પરમન દહાડે ક્યાં ગયો હતો?

પુષ્પશેન—(શરમાઈને) પિતાજી હું પરમન દહાડે મૃગયા રમવા ગયેલો હતો ત્યાંથી આવતાં તૃશા લાગવાથી સરોવર ઉપર ગયો ત્યાં એક વણીકસુતા જળ ભરવા આ આવેલી હતી તેણે મને નિર્ખીને પુછ્યું કે તમે આ ધનુષ્ય શાને માટે ગૃહ્યું છે? તેને ઉત્તર આપતાં તેણે પોતાનો ઘટ વિંધવાની સરત કરી પણ તે ઘટ મારાથી વિંધાયો નહીં તેથી હું વચને બંધાયો કે મારે તારી સાથે લગ્ન કરવું કે એવી સરતે તેને મેહેલે મારે જવું માટે મારાથી વાઘ મારવા પણ અવાયું નહીં!

ચંપકસેન—ઠીકછે ત્યારે હારે કોઇ છેકે? જાઓ હમણા ને હમણાં નગર સેઠને બોલાવી લાવો.

સિપાઈ—બોત અચ્છા સાબ (સલામ કરીને ચાલ્યો જાયછે)

(સિપાઇ સેઠને બોલાવી લાવેછે.)

શેઠ—અડે! રાજા સાબ સડામ!

ચંપકસેન—આવો શેઠ સાહેબ.

શેઠ—કેમ સાબ મારું શું કામ પડયું છે ટેમને બોડાવ્યોછે??

ચંપકસેન—જુઓકે તમારી જે પુત્રીછે તેણે કુંવર સાથે વરવાનો નિશ્ચય કીધોછે અને તેઓ વચને બંધાયેલાં છે. માટે તેઓના લગ્ન કરો.

શેઠ—અડે સાબ આવું કે ટમને બોલવુ ઘટે! અમેટો સાબ વાણીયાને સાબ ટમેટો ખટડી માડી કન્યા શી ડીટે વડે! માટે સાબ એવીટો ટમાડે વાટ ન કડવી.

ચંપકસેન—જુઓકે તમારી કુંવરીની ખુશીછે ને જો તમે એનાં લગ્ન નહીં કરોતો તે અપઘાત કરશે તેવખતે તમારે તેનો વતી ફાંસીએ જવુ પડશે.

શેઠ—(મનમાં) આપન ખડુ કહેછે નેવડી રાજાછે એ ટડે માડીએ નાંખે માટે હું જાનુંછું કે પજાવી હોયટો ઠીક (ચાસન) ટયાડે ટમાડી મઠજી મડી કયાં નાછે!

ચંપકસેન—ત્યારે ઠીકછે ઘેર જઇને સર્વે સામગ્રી તૈયાર કરો.

શેઠ—બહુ હાડુ ટયાડે હું ટૈયાડ કરી રાખુંછું ને ટમે કાલે પજાવાને આવજો.

પ્રવેશ નવમો સમાપ્ત.

સ્થળ. રાજ્ય મંદિર.

પ્રવેશ ૧૦ મો.

પાત્ર

ચંપકસેન....ચંપાવતિ...

ચંપક—પ્રાણપ્રિયા! આવ બેસ! પુસ્પસેન પ્રસવ્યા બાદ દિનપ્રતિ દિન તાહરૂં વદન જોઇ હું અત્યંત હર્ષીત થાઊંછું

ચંપાવતિ—પ્રાણનાથ! આ સંસારમાં પુત્ર શિવાય સઘળું વ્યર્થ છે માટે બીજી વાત ચીત કરતાં પેહેલાં મને કહો કે ભાઇ વિશે શું વ્યવસ્થા કરી તે મારે પ્રથમ જાણવું જોઇએ.

ચંપક—પ્રિયા! તું જાણતી નથી કે. પુષ્પભાઇની શું હકીકત રાત્રીએ ગઈ બની કયાં ગયો હતો ને તેને તેનું વૃત્તનુ શું થયું! એતો આપણા નગ્રસેઠની કુવરી" સુલોચના,, ના મંદીરમાં હતો ને તેણી સાથે કોલકરાર કરેલાછે.

ચંપાવ—કોલકરારશા, ને સુલોચના શી! તે હકીકત મને મુળથી આપ કહો?

ચંપક—પ્રાણ વલ્લભા! સાંભળ જોકે આપણો પુષ્પસેન શીકાર કરીને આવતો હતો અને નગરસેઠની કુંવરી પાણી ભરવા ગઈ હતી તે બન્ને સરોવર ઉપર એકઠાં થયા ને તેની સાથે સરત કરી તેમાં કુવર હાર્યો તેથી તેની સાથે તેણેવરવાનો નિશ્ચય કરેલો હતો તે હું પ્રથમ જા

ણતો નહીં હતો. મને તેના મિત્ર બુદ્ધીસાગરે કહયુ ત્યારે!

ચપાવ—ત્યારે તે, વિશે આપે શુ કીધું

ચંપક—જોકે તેનુ વચન જાય તે તો ખોટુ. કારણુ કે તે પણ આપણો પુત્ર માટે સેઠને બોલાવી લગન નો નિશ્ચય કીધો ને આવતી કાલનું નકી કર્યુંછે માટે સર્વ સામગ્રી સત્વર તૈયાર કરાવો.

ચંપા—બહુ સારૂ.

ચંપક—કોમલાંગી! લે હું પણ હવે રજા લઉછુ કારણકે કચેરીનો વખત થયો-

ચંપા—હા પ્રાણનાથ, સુખેસિધાઓ, ચપક સેન જાયછે)

પ્રવેશ દસમો સમાપ્ત.

પ્રવેશ ૧૧ મો.

સ્થળ રાજ્ય દરબાર.

પાત્ર.

ચંપકસેન...સુબોધસાગર...દરબારિયો વીગરે.

ચંપકશેન—કેમ પ્રધાનજી! હવે શી વારછે? તમે તમામ- સાજન લઇ કુંવરને પરણાવી આવો.

સુબોધ—રાજાધિરાજ. આપને પણ આવવું જોઇએ. ને અહીં તો સર્વ તૈયાર છે.

ચંપક—ત્યારે તમે તમારી મેળે જાઓ મારે નથી આંવવાનું ને હું ઘેરથી સર્વેને મોકલું છું

સુબોધ—બહુ સારૂં!

(રાજા જાયછે)

સુબોધ—સિપાઇ જાઓ દો જોડબા જેકી લેકે તા કીદસે આઓ.

સિપાઈ—જી અચ્છાં સાબ!

(પછી રાણી ને બીજી સ્રીઓ આવેછે ને સર્વ જાન જાયછે)

પ્રવેશ અગીઆરમો સમાસ.

પ્રવેશ ૧૨ મો.

સ્થળ, નગરશેઠનું ઘર

પાત્ર.

જાન...સેઠ..સેઠાણી..સુલોચના..ગોર વીગરે

(જાન આવેછે)

જાનની સ્રીયો ગાયછે]—**રાગ ગીત.**

કુંવર એડો દઇ ઘોડે ચઢિયા, એના વેરીને ધાસકા પડિયા,
સાજનમાં સઉજ્યાં ધિકારી, પ્રજા વર્ગનીઠઠ સાથભારી, ૧
દેવ આભુશણે રાય કળીયા, સર્વ માતુની મંગળ મળિયા;
પાય વાઘની માહા બધુ ઘોર, તેની સાથે બાહાદુર ઓર- ૨
પછી માહાજન સાજન સંગ, ચાલે મનમાં ધરી ઉમંગ;

રાય તે કેડે આપના ઘોડો, ચોટલી તણો વાંકો અબોડો. ૩
તેમાં તેલ ફુલેલતો મ્હેકે, મોગરેલ અતર પ્રાસ બ્હેકે,
તેની ઊપર ખુંપ ખોસેલો, મોગરાને ગુલાબે ગુંથેલો. ૪
અતિ ચંદ્રનાથી અંગ ચળકે, હીરા રત્નનાં ઘરેણાં ઝળકે
અશ્વ ચમક ઠમક ચાલ ચાલે, તોય વરરાય જરીએ ન હાલે. ૫
ગાય સર્વેતે મંગળગીત, સુદ્ધ શાંત્તી રાખીને ચીત.
આપે સરવે અમર આશીશ, થાય અવાજ જય સ્હુદીશ. ૬
પંચ વરણીને કલ્યાણી, પંચ દશોથી તેજન આણી,
તેજલડિને છાંટોને પાણી, જોવા મળીયાંછે રાજાની રાણી. ૭
તેજલડિને છાંટોને ચુઓ, સાજન સૌકો લાડકડાનેજુઓ,
કુંવર વરરાય થઇ આવીયા, વેહેવાઇને માંડવે અડીયા. ૮

ધોળ.

વેહેવાઇની સેરીયે હાલપડે, હુલકારપડે, શેરી શબ્દ ઢળે, કોઇ ઉમરાવ જાદા આવીયારે. આવ્યો આવ્યોરે ચંપક કેરો તન, પુનમ કેરો ચંદ, દીવા કેરી જોત, ભયો ભયો અજ વાળોરે.

પાતળી સોટીનો ચાંપલોરે, એનું ડાળ નમી નમી જાય, ડાળ નમે એના જુગ નમેરે, એના નમેલા સાજન લોક વેહેવાઇને માંડવે કુવર આવીયારે.

શેઠ—અડે જાન વાડી બાઇડીચો હવે ટમે કયાં સુધી ગાયા કડશોઆમ આવોને ?

ગોર—(પછી વરને માહયરામાં બેસારીને,) અરે શેઠ કન્યા લાવો કન્યા.

શેઠ—અડે ગોડ કન્યાટે શું વાંહે લેઇને ફરતાં હઇશું ટમે જઇને ઘરમાંથી બોલાવી લાવો.

ગોર—એનો મામો છેકે નહીં?

શેઠ—એતો નઠી આવ્યા રીહાયાછે.

(પછી ગોર કન્યાને લાવેછે ને માહયરામાં બેસારીને લગ્ન વીધી કરીને આશીર્વાદ આપેછે)

શાર્દુલ વિક્રિડીત છંદ.

ગોર—આ કન્યા વરનું અખંડ જોડુ રહેજો સુ બેસર્વદા,
દજો રીદ્ધિ સિદ્ધિને જયમહા, દેવી મહાન અંબુદા;
પ્રૌઢો પુણ્યયશસ્વી રાય જગમાં, કિર્તિસદા પામજો,
પામો શાન્તીસુ સંપતીજ સઘળે મહારાજ થૈને ગાજજો. ૧

આવર કન્યાનાં વિધિયુક્ત લગ્ન થયાં અને હવે જાનને વળાવો.

શેઠ—હાટયાડે આપણી કયાં નાછે- (મનમાં) આપણેટો ખાલા ખરચ બચ્યું.

(જાનને કેટલીકએક પેહેરામણી આપી વિદાય કરેછે ને

જાન જાયછે)

પ્રવેશ બારમો સમાપ્ત.

પ્રવેશ ૧૩ મો.

સ્થળ, રાજ્ય મહીર.

ચંપકસેન....ચંપાવતિ...પુષ્પસેન..સુલોચના..વિદુશક-

પુષ્પશેન—પિતાજી હું હવે વનવાસ જવા સારૂ આપની આજ્ઞા લઉછું

ચંપક—હા સુખેથી, પણ જો કે કોઇ પણ માણસને સાથે લેઇ ગયોતો હું એમ સમજીશકે તે મારૂનામ ડુલાવ્યુ ને, બાહાદુર તો કયારે કે આપણે એકલા જવુ તે

પુષ્પશેન—પિતાજી મારે કોઈ પણ માણસની જરૂર નથી ને હુંતો આપના પુન્ય પ્રતાપ વડે એકલોજ જવાનો.

ચંપક—ત્યારે બહુ સારૂ જા સુખેથી. પાછો વેહેલો આવજે.

પુષ્પ—સારૂ પિતાજી.

(નમન કરીને ચાલ્યો જાયછે ને પોતાની માતાજી પાસે આવેછે)

પુષ્પશેન—માતાજી હવે હું વનવાસ જવા આપની રજા લેવા આવ્યોછું નેહું પુરાં બાર વરષે અહીં આવીશ.

ચંપા—અરે પિટા પુત્ર! તનેતો હું નહીં જવા દઉ તારાપિતાજી ગમેતો મને શીક્ષા કરે અગર ગમેતે કરે મારીનાંખે પણ હું તો તને નહીંજ જવા દેઊ. (એમ કહી રડી પડેછે)

પુષ્પસેન—માજી આપ આવાં સમજુ થઇને છેક આમ કરોછો તેતો ખોટું કેહેવાય, કદાપિ હું મરી જઉતો પણ શું પણ પિતાજીનું વચન કેમ જાય?

ચંપાવતિ—ત્યારે શું તુ મારૂ કહયું નહીંજ માને? જવુજ છે? (એમકહી વિલાપ કરેછે.]

(રાગ સિતાજીના મહિનાનો)

મારા વા,લા વિરા પુષ્પસેન, વને આજસંચરો;
વિપરીત પિતાનાં વચંન, થકી આશુ આદરો. ૧
મારૂ હૈડું ફાટેછે વીર, જતાં દુર મુજથી;
સા,લે પ્રેમ તારોઓ પુષ્પ, રહેવાયના તંનથી. ૨
મારૂ કેહેવું માનેજો પુત્ર, રહું હું સુખથી;
જયારે જઇશ મક્ષુથી દુર, પોડાઇશ દુઃખથી. ૩
પુત્ર તુ મારૂ આંખનું નુર, લઇ વંન સંચરે;
સાથે તન મનની શક્તિ, પ્રાણથી સૈપરિ કરે. ૪
જયારે માને નહીં મારૂ વેણ, મધ્યે અરંણ્યે જતાં;
સંભાળીને ચાલજો ત્યાંય, દીઠું રાજ્ય સુખ છતાં. ૫

વી નવું પ્રભુને તારે માટ, કમળ સમ કોમળા;
કરજો રક્ષા હેદીનગગ, પુત્રની સર્વ કળા. ૬

પુષ્પ—(રડીને કહેછે) લ્યો મારૂં હવે જાઉછું ને તેની તમે સંભાળ રાખજો.

ચંપાવ—પ્રિયે પુત્ર તેના વીશે કાંઇ ફીકર કરીશ ન નહીં ને તું પાછો વેહેલો આવજે (એમ કહીને જાયછે ને સુલોચના આવેછે)

સુલો— **રાગ ઝિંઝોટી. (દાદરો)**

પ્રાણનાથ પ્રાણનાથ પ્રાણનાથરે,
હવે મારૂ શું થશે હે પ્રાણનાથરે, ટેક
પરણે દીન થયો નથી, એક નાથરે. હવે.
ધીરજ કોણ દેશે મુને, વીણ આપરે. હવે.
આધાર કોને મુકી ચલ્યા, વનવાસરે. હવે.
જેમ જળ વિનાજ મીન, મૃત્યુ થાયરે. હવે.
તેમ આપ વિનાજ પ્યારી, પ્રાણ ત્યાગેરે. હવે.

ગજલ

પુષ્પ—પ્રિયે પ્રાણ પ્યારી, સુણો મારી વાત,
પ્રિયે મિત્ર બુધીસાગરછે ભ્રાત.
ફીકર નહીં કરવી તારેતો કાંઇ;
વરશ બાર પુરે આવીશ આંહી.

પડે કામ કાજ તારેજો કાંઇ;
કેહેજે બુદ્ધીસાગર રે,છે આંહી.
કામ કાજ કરશે એતારૂં તર્ત,
મુજ તુલ્ય એ બજાવશે ફર્જ.
હવે પ્રાણ હો રજા લેઉછું,
વન વાસ જવા ને ચહું છું.

સુલોચના—પ્રાણપતિ! આપ ચાહો છોજ!

પુષ્પસેન—હા! પિતાજીનું પણ પાળવુંજ જોઇએ.

સુલો—આપ પાછા વેહેલા પધારજો, નેજો મુદતસર કહેવા પ્રમાણે નહીં આવોતો હુમારો પ્રાણ અચુકત્યાગ કરીશજ.

પુષ્પ—કાંઇ ફિકર નહીં.

(એમ કહી ચાલ્યો જાયછે,)

પ્રથમ અંક સમાપ્ત.

અંક ૨ જો.

પાત્ર.

कुंन्ती भोज	धारानगरीनोराजा
नितिसागर	तेनो प्रधान
कांन्ता	तेनी राणी
पद्मावती	तेनी कुंवरी
गुणगवरी	तेनी दाशी
पुष्पसेन	चंपानगरीनोराजकुंवर
गुलाबसींग	नामधारण पुष्पसेन
चोपदार	छडीदार
कंचनीयो	नायकाओ
राक्षस	जंगलीदैत्य

ત્યારબાદ દરબારીઓ......નગરવાશીઓ

તથા મારાઓ વીગેરે-

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો.

સ્થળ. જંગલ.

રાક્ષસ. પુષ્પસેન.

પુષ્પસેન— (કહુશું નસીબે દુઃખીયો કીધોછે) એરાહ.

ગઝલ.

વિધાત્રીએ આ સંજોગ કીધોછે, વનવાસ પિતાને વચને
લીધોછે. વિધાત્રી ટેક.

હતીજે ભુમી દીલ આનંદ કારી, તેને તજી વન વાસ
લીધોછે. વી. ૧

માતા પિતા મીત્ર સુચીત્ર મારાં, દુરભાગે તજી દેશવટો
લીધોછે. વી. ૨

દેશ ભુમીને મેહેલો ખ્યાગ, તેસો તજાવી દુરભાગી
કીધોછે. વી. ૩

કુમળી ચતુરી ચપળા વિવેકી, તજવા સમો વીધાતાએ
દીધોછે. વી. ૪

લગન થયાને અલ્પ સમામાં, વીયોગ વીધાતા દેવાએ
દીધોછે. વી. ૫

આમાણ દુઃખી તરફડીશં મારે; ટળ વળે શાને જીવનું
ઊંઘોછે. ૬

(આગળ ચાલ્યો જાયછેને એક વિક્રાળ બુમપાડીને રાક્ષસ)

રાક્ષસ—અરે ઓ બીકણ મનખ્ય! તને તારો જીવ વાહલો નથી! કેતું આવા મારા અઘોર વનમાં આવ્યો! હશે! ઠીક થયુંકે ઘર પુછતું ભક્ષ ચાલ્યુ આવ્યુ (એમ કહી તેના સામો દોડેછે તે જોઇ.)

પુષ્પ—અરે દુરથા દુષ્ટ ચંડાળ!(એમ કહી તલ વાર કાઢી તેને નીચે નાંખી ઉપર ચઢી બેસીને) બોલ ઓ ક્રુર નીશાચર હવે તારો અંત લાવુંછુ?

રાક્ષસ—ભલા કુમાર! તુંમારો બચાવ કર; આજ સુધી મે ઘણા એક પ્રાણીઓના જીવ લીધો, પણ તારા જેવો શુર વીર મે હજી સુધી કોઇને જોયો નથી પણ તું હવે મને બચાવ!ને હું તને મદદ લાગીશ.

પુષ્પસેન—કેમછો! ઘેર બેઠે ભક્ષ આવ્યુછે ને ના શા માટે કહોછો! બોલ! હવે તને કાપી નાખુ છું કારણ કે આવી રીતે તું ઘણા એક માણુસના જીવ લેતો હઇશ, માટેતને જીવતો મુકવો એ મને ઘટારત નથી.

રાક્ષસ—ઓમારા શુરવીર સરદાર! તુમારો બચાવ કર! નેતું કહીશ તેમ કરીશ જો કહેતો હોયતો તારો તાબેદાર થઇને રહીશ ને તને મારી ખાત્રી ના થતી હોય તો મને નારસિંહ વિરની આણછે.

પુષ્પ—તુ જ્યારે આણ લેઇને કહેછેતો હુતને જવા દઉછું પણ આજ પૂછી તારે કોઇ પણ માણસનો યા પ્રાણી પશુનો જીવ લેવો નહીં.

(એમ કહી ચાલ્યો જાયછે).

પ્રવેશ ૨ જો.

સ્થળ ધારા નગરીનું પાદર.

પુષ્પસેન....પુરવાશી....

પુષ્પસેન—અરે ભાઇ! આ કયું નગર કહેવાયછે! ને અહીં કોણ રાજા રાજ કરેછે.

પુરવાશી—આ નગરીનુ નામ ધારા નગરી કહેવાયછે. ને અહીંના રાજાનું નામ કુંતિ ભોજછે.

પુષ્પસેન—બહુસારૂ (માણસ ચાલ્યોજાયછે) આહા! આ!! શુ નગરછે!

હરીગીત છંદ.

શુ નગર રાજ્યસ સ્થાંનની, શોભા સ્વરૂપીણી દિસે,
ચોપાસ ખાસી ખુબી પ્યાસિત, પળ પળે કાંતી દિસે;૧
આ નગર શોભા ઈંદ્ર પુરિની- સમ નહીં ખામી દિસે,
શોભા મધુર આનંદ કારી, જન સમુહ સુખિયો દિસે. ૨
વનવાસથી આઠામ આવી, નગર જ્યાં નીહાળિયું;

ખુશી અતિ દિલમાં થઇ,શોભિત નગર જયાં ભાળીયું.૩
આ ઇંદ્ર પુરી નગર ધારા હોય એવું લાગતું,
દ્રષ્ટિથી દેખી મેદનીમાં દુ:ખ સર્વ ભાગતું. ૪
આહા? આપ્રમાણે બાહારની શોભા છે.તો અંદરની કોણ જાણે કેવી હશે!! માટે ચાલ હવે તો નગરમાંજ જઇએ, ને અહીંનો રાજા કેવોછે તેનો તપાસ કરીએ ને આશ્રય આપશેતો રહીશું; નહીં તો ચાલ્યા જઇશુ. (પ્રવેશ પુર્ણ

(પ્રવેશ ૨ જો સમાપ્ત.

પ્રવેશ ૩ જો.

સ્થળ. કુંતિ ભોજનો દરબાર.

કુંતિભોજ...નીતીસાગર....દરબારીયો...

કુંતિ—પ્રધાનજી!હજી સુધી કંચનીયો કેમનથી આવી

પ્રધાન—માહારાજાધીરાજ! તે આવતી હશે ને તેડવા પાણ મોકલ્યું છે.

કંચનીયો—(પ્રવેશકરી)માહારાજાધીરાજકીઆજ્ઞા?

કુંતિભોજ—હે કંચનીયો, મને આજે ઘણોજ ઉત્સાહછે માટે તમે એવું સારૂ ગાયન કરો કે મારૂ મન તમારી ઊપર ઘણું પ્રસન થાય.

કંચનીયો—જેવી આજ્ઞા.

પદ ધનાશી.

કૃપાનીધી મેહેર કરો પુરપાળ,
ન્યાયને ગુણોથી, રસના વિધ્યાની;
પ્રેમ થકી પ્રજા ગુણ ગાય.   કૃપાનીધી. ૧
રાજ્ય રૂડેરૂ ઇંદ્રનું પ્રમાણે
ન્યાય ધર્મીરાય આ ગણાય.   કૃપાનીધી. ૨
દીન તવંગર શૃગાલ વ્યાઘ્ર;
એક લીધે સત્યે રામ રાજ   કૃપાનીધી. ૩
યસ યશસ્વી વિક્રમા વિચારી;
અવીચળ રાજ્ય ભોગવાય.   કૃપાનીધી. ૪

પુષ્પસેન—(પ્રવેશકરીને) આહા ! ! શી રાજ્ય સભા ઠઠ ભરાઇ છે ! ! (અંદર જઇ સલામ કરી શુરવીર ઉભો રહે છે).

કુંતિ—આવો રાજકુમાર ! શીપાઇ ! ખુરશી લાવ ! (બેસાડીને) તમે કયા દેશના રાજેંદ્ર છો ને તમારૂં આવવું કેમ થએલુંછે મારા જેવું કામકાજ હોય તે સુખેથી ફરમાવો?

પુષ્પ—હે પ્રતાપિ મહીપતી ! હું ક્ષત્રિય પુત્રછું અને મારો નિશ્ચય દરેક રાજ્યમાં નોકરી બજાવી અંતે આ ફના અવનીમાં યશ અચળ રાખી પુણ્ય

ધામમાં જવું એવો ઇરાદો છે. અને પ્રથમ તે કાર્યની શરૂઆતમાંજ અત્રે આપની હજુરમાં આવ્યો છુ.

કુંતિભોજ—શુરવિર કુમાર ! ભલે આવ્યા ! આ રાજ્ય દરેક વિદ્યાના ઉતેજન અર્થે પ્રજાના ઉમંગથી હમેશાં સંચરે છે ? અને જે દરમાયો લેવો હોય તે સુખેથી લેજો અને સર્વદા હજુરમાં રહેજો કે તમારી પ્રથમ માગણી છે.

પુષ્પ—માહારાજ ! દરમાયો દરમાસે સવાલક્ષ લઇશુ ઇચ્છામાં આવેતો હુકમ ફરમાવો.

કુંતિ—માગ્યા મુજબ દરમાયો મળશે અને ઉપર બતાવેલી નોકરીમાં હાજર રહેવું. પ્રધાનજી સત્વર તેમને માટે સર્વ પ્રકારની સગવડ કરાવો. (દરબાર બરખારત થાય છે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ પદમાવતીનો મેહેલ.

પદમાવતી.......................ગુણગવરી.

ગુણગવરી—(ખુશીથી)બાઇ સાહેબ! વધાઇ! વધાઇ! વધાઇ !!

પદમાવતી—કેમ શું વધાઇ લાવીછું?

ગુણગવરી—આપણાદરબારમાં કોઇએક બત્રીલક્ષ-

ણો પુરૂષ આવ્યો છે.ને આહા! તેનું કેવું સ્વરૂપ છે! નેત્રોતો દેખાતાંજ મોહ પમાડે છે, આહા ! હા! વીધીએ તેને ઘણીજ ફુરસદ વેળાએ ઘડયો જાણાય છે આહાહા ! આ પુરૂષને જે સ્ત્રી પરણી હશે તેનું પણ ધન્ય ભાગ્ય હશે !!

પદમા—તે કોણ છે! ને કયાંથી આવ્યો છે તે તું જાણે છે !!

ગુણગા—તેતો એમ કહેછે કે હું એક ક્ષત્રીય પુત્ર છું તથા બળ પરખાવવાને માટે દેશા ટટણે નીકળેલો છું.

પદમા—ત્યારે તું તેને યુક્તી પ્રયુકતીથી મારી પાસે લાવ્ય અને મને મેળવ-

ગુણગા—તે હંમેશાં સરોવર ઉપર નાહાવા સારૂ પ્રાતઃ કાળમાં જાયછે માટે હજી સુધી ઘેર નહીં ગયો હોય તો આવેછે એટલે આપને બતાવું છુ આપ બારીએ ચકમાં બેસો.

પદમા—બહુ સારૂ (બારીએ બેશીને) દાશી! જો એ મારા લાયક હોય તો કેવુ સારૂ!

ગુણગા—બાઇ સાહેબ! એતો આપના કરતાં પણ રૂપ ગુણમાં વધે એમછે.

પદમા—ત્યારે તો મારા જેવું કોઇએ ભાગ્ય શાળી નહીં. (એટલામાં પુસ્પસેનને દુરથી આવતો જોઇને દાસી.)

પદ્દમા—જુઓ!જુઓ! બાઇ સાહેબ સામે આવે છે એજ.

પદ્દમા—(અધીરાઇથી) અરે બેની! જાજા તું દોડ અને સત્વર બોલાવી લાવ.

ગુણગા—બહુ સારૂ બાઇ સાહેબ ! (દોડતી જાયછે ને પુષ્પસેનને) હે રાજકુમાર! આપને આ મોહોલે કોઇ બોલાવેછે.

પુષ્પ—કોણ બોલાવેછે અને શાને માટે?

ગુણગ—માહારાજના ખાનગી હજુરીસાહેબ બોલાવેછે અને કામનું તો મને કહ્યું નથી પણ કહયુંછે કે તમને અત્રે બોલાવી લાવ માટે તમે ચાલો.

પુષ્પ—ચાલો બાઇ ત્યારે! (બંને જાયછે).

પ્રવેશ ૫ મો.

સ્થળ. પદ્દમાવતીનો મેહેલ.

પદ્દમાવતી.....પુષ્પસેન......

પદ્દમા—પધારોજી.

પુષ્પ—(સંકોચ પામીને] હજુરી સાહેબ કયાંછે.

પદ્દમા—જી! મુખ્ય હજુરી પોતેજ છું.

પુષ્પ—ભલે હજુરી સાહેબ! મને શા કામની ફરમાશને માટે બોલાવ્યો હતો અને આપનુ નામ શું છે તે

પ્રથમ કહો..

પદમા—હુ રાજકુમારીછું નેમારૂ નામ પદમાવતીછે. આપને મેં કેટલા એક સંશય ખુલાસા અર્થે તસ્દી આપીછે. પ્રથમ મારૂ પશ્ન એછે કે આપ કોણછો? આપ જાત શી, ક્યાંના રહીશ છો, આપનું નામ, તથા કામ શુંછે તે મેહેરબાની કરી કહો! ત્યાર પછી હું મારા સશય યોનો ખુલાસો માગીશ.

પુષ્પ—હું ક્ષત્રી પુત્ર છું મારૂ રહીશ સ્થાન ચંદ્ર પુરીછે! અને મારૂ નામ ગુલાબ સિંગ તથા કામ શસ્ત્ર ધારણ કરવાનું છે.

પદમા—મહાવીર! આ ઉત્તર આપતાં આપના મુખ મુદ્રનો દેખાવ અતિશય ધી મીત્ર માલમ પડયો અને હાલ પણ મને કાંઇ જુદોજ રંગ દેખાય છે, એટલે આપનું બોલવું સત્ય નથી. એ પુર્ણ રીતે સમજાય છે પણ આ વખતે આપને મારા શુદ્ધ અંત-
કરણથી સત્ય બોલાવવાને માટે આપના ઇષ્ટ દેવની પતીજ્ઞા આપવી પડેછે.

પુષ્પ—હે રાજકુમારિકા ? તમને આ બાબત કાંઇ ઉપયોગી નથી. તો ઇષ્ટદેવની પ્રતીજ્ઞા આપી મને શા માટે દિલગીર કરોછો.

પદમા—શુરવીર ક્ષત્રીનુ વચન એક છે અને તે જાણવું મારે અત્યંત અગત્યનું છે. માટે હું આપને પુછું છું.

પુષ્પ—રાજકુમારિકા! જ્યારે તું તારી હઠ છોડતી નથી ત્યારે (દીલગીરીથી) કહું છું કે હું ચંપાવતીના ચંપકસેનનો કુમાર છું મારૂં નામ પુષ્પસેન છે મને પિતાએ કાંઇ કારણસર બાર વર્ષનો દેશવટો દીધો છે, માટે ફરતો ફરતો આ રાજ્યમાં આવ્યો છું.

પદમા—હે રાજ્યકુમાર ! આપ આટલા બધા દિલગીર શાને માટે થાઓછો ? બાહાદુર ક્ષત્રીના પુત્ર છો તો દેશવટે પણ નીકળવું પડે અને તેતો સેહેજ બાબત છે માટે દિલગીર થવા જેવુ કારણ નથી. ધારણા હશે તે ઇશ્વર પુર્ણ કરશે કેહેવત છેકે "ઊતાવળા શો બાહાવરા ને ધીરાશો ગંભીર" માટે હીંમત રાખો.

પુષ્પ—કુંમારીકા? મને તો કાંઇજ દીલગીરી નથી પણ સર્વદા હીંમ્મત અને ધીરજ ને હું પાસેજ રાખું છું હવે તમારે જે શંશય હોય તે કહી દ્યો ?

પદમા—રાજ્યકુંમાર! મારા સંશય દુર કરતા પેહેલાં હું આપની પાસે એક વચન માગું છું અને

તે ક્યારે કે આપ મારે મોહોલે પધાર્યા અને આટલો વખત બેઠા ત્યારેજ તે આપવું પડશેજ !

પુષ્પ—રાજ્યકુમારી ! મારાથી બને તેમ હશે તો મારો પ્રાણ જતાં સુધી પણ તારૂ કાર્ય કરીશજ.

પદમા—જ્યારે આપ વચને બંધાઓછો ત્યારે ખુલ્લી રીતે હે ! પ્રાણ વલ્લભ! હું આપને બાહારથી દેખીનેજ વરી ચુકીછું જગતમાં મારે અન્ય પુરૂષો પિતા ભ્રાતા સમાન્ય છે. અને આ કાયા સ્નેહ પુર્વક આપનેજ અર્પણ કરૂં છું !

પુષ્પ—તમે બોલતાં તો વિચાર કરો. જે બોલો તેનો પ્રથમ તોલ કરો કારણ કે સમય તેવોછો એટલે હું હાલ છુપો રહી તમારા પિતાના આશ્રયમાં રહુંછું તેથી તેમ કરવું ઘટતું નથી પણ વચનથી બંધાએલો છુ એટલે જાદે કહી શકતો નથી પણ દીર્ઘ વિચાર કરી જુઓ.

પદમા—પ્રાણનાથ ! મેં સારી પેઠે દીર્ઘ વિચાર કીધો છે અને વચન બે હોય તો ફરી જાઓ પણ આ કાયા આપ વીના જગતમાં વ્યર્થ છે.

ગુણગ—(પ્રવેષ કરીને) બાઇ સાહેબ ! ભોજન સમય થયો છે.

પુષ્પ—હું પણ રજા લેઉછું અને વળી કોઇ વખત આવીશ.

પદમા—રાત્રીએ પધારશો એવી આશા છે.

પુષ્પ—ઠીક છે (સરવે જાય છે).

પ્રવેશ ૫ મો સમાપ્ત.

પ્રવેશ ૬ ઠો.

સ્થળ. પદમાવતીનો મેહેલ.

પદમાવતી.....પુષ્પસેન...

પદમા—અરે! હજુ સુધી પોતે કેમ નહીં આવ્યા એમના કહેવા પ્રમાણે તો વખત ક્યારનોએ થઇ ગયો ને એક વાગવા આવ્યોછે, હવે કોઇ આવે એમ લાગતું નથી. ને શુંકરૂ-(કાંઇ ચેન નહી પડવાથી)

(મોહનરસીયાં આવે બગીચાંમે એ રાહ).

પ્રિયે- પતિ-કાંઇજી ન આવ્યા ? પ્રિયા ટળવળ
તી પ્યાસેરે. ટેક.

જો કદી વચને ભંગ થશેતો તલસી મારી કાયા તવા
સેરે. પ્રિયે. ૧

મધુર વાણી મર્મ તણી એ, ક્યારે આનંદિત કર
શારે. પ્રિયે. ૨

પ્રાણપતિ સત્વર મુજ કંઠે આલીંગન દ્યો ઉલ્લાસેરે:
પ્રિયે. ૩

પીયું વિયોગે ઝુરી ઝુરી ઝંખુ, બચાવજો લાવીને દ
યારે પ્રિયે. ૪

નીકર મારી રજની નજાશે, માટે પધારો પ્યારરે.
પ્રિયે. ૫

પ્રિયા જાગે છે પીયુ આધારે, તજી પોતાની નીંદરડી
રે. પ્રિયે. ૬

તેથી રસીલા આવી તું જલદી, પાળ તું તારી વાતલ
ડીરે. પ્રિયે. ૭

પ્રભુ દીનપર દયા આણીને; આનંદીત કર રાતલડીરે.
પ્રિયે. ૮

પુંષ્પ—(પ્રવેશ કરીને) કેમ પ્રેમવત્સલા! હમણાં તું શું ગાતી હતી?

પદ્દમા—પ્રિય પ્રાણનાથ! હું આપનુંજ ચીંતવન કરતી હતી.

પદ્દમા—પ્રાણાધાર! પુર્ણ યોવને આવેલી સ્ત્રીની કેવી દશા હોય!

પુષ્પ—એમો! પુર્ણ યોવને ગુલાબની કળી સમ ખીલેલી જુવાનીને તેકાળમાં કામાગ્ની દહન કરેછે, એટલે પતિનો સંગ અતી ચહાય છે.

પદ્મા—પ્રેમી સુર વિર! આશા મય આપનિ પક્ષ પાતે સત્ય બોલ્યાછો તો (સરમાઇને) મારી શી દશા હશે વારૂ?

પુ૦**પસેન**—આપની સ્થિતિ આપનેજ માલમ તેહું શુ જાણુ વારૂ!

પદ્મા—આપ જાણોછોકે મારી ભરપુર યુવા અવસ્થા છે અને આપના મુખેથી જે બાબત કહી તે મને લાગુ છેજ!

પુ૦**પ**—કૃશાંગી! હાલમાં તારી સ્થિતિ તેવીજ પ્રકારનીછે.

પદ્મા—પ્રાણનાથ! જો ખરી સ્થિતિ તેવા પ્રકારની છે તો આપ જોઇ રહેવા ઇચ્છોછો? અરે પ્રેમી પ્રાણનાથ! મારા અંગમાં ભભુકા બંધ બળતીઝાળ ઠંડી પાડો!

પુ૦**પ**—જ્યાંસુધી લગ્ન ક્રીયા થઇ નથી ત્યાં સુધી દિલગીર છું.

પદ્મા—પ્રેમસાગર ગાંધર્વ ક્રીયા કાલે થશોને આજે ગરીબ દાસીને શા માટે રીબાવોછો?

ગઝલ (ઇંદ્ર સભાની રાહ.)

પુ૦પ—લગ્ન ક્રીયાતો થઇ નથી ત્યાં સુધી દીલગીર;
મન ઇચ્છા પુરાય નહીં પ્રેમાંધીન લગીર-

પદ્દમા—પ્રાણનાથ સંકોચના રાખો દીલ માં કાંય
કાલે ગાંધર્વ લગ્નતા થાશે આપણાં આંહ્ય.
પુષ્પ—પ્રિય ઉતાવળ કાંકરે રતિએ રમશું કાલ.
ઇશ્વર ગુનો થાયછે રંગે રમતાં હાલ.
પદ્દમા—પ્રિય દિલ દાઝે ખરૂ કામ ગ્રહેથી પુર્ણ
આ શમય જલદી કરો દુખડુ મારૂ ચુર્ણ.
પુષ્પ—પ્રિયે નિશ્ચે કહું તુને ધીરજ ધરતું આજ.
શ્રી બુદ્ધી દાખીશ નહીં ફળ અંતે થાશે સાજ.
ઉતાવળનું કાર્ય નહીં, જાણતું દિલની માંહ્ય;
ઇશ્વર પુરેછે સદા, જેજેની ઇચ્છાય.
પદ્દમા—પ્રિયેતમારો જેહુકમ, આધીનછું તતકાળ:
પણ આદીન દાશી તણી ફીકર ધરો સૌ કાળ.
પુષ્પં—હૈયાની તું હારછે. ચક્ષુ કીકી સાર,
ક્ષણ ચીતડુ ચુકે નહીં. તહારો પ્રેમી પ્યાર;
પ્રેમી મનને કંઇ જરા, જવું ન ગમતું દુર;
પણ રજની વીતી બહુ, જાવું ઘેર જરૂર.
પદ્દમા—પ્રેમી મન ચાહતુનથી જાઓ અહીંથી દુર;
જલદી કાલે આવજો ચટપટ રાખી પુર-
પુષ્પ—પ્રિયે કાલ આવીશ હું, કંઇ આથમતે સુર;
ચિંતા કાંઇ ધારીશમાં, આવીશ અત્રે જરૂર.

પદમા—પ્રિયે પધારજો પ્રેમથી, દેવા દર્શન કાજ.
ચોગ્ય સમે તૈયાર છું, તૈયારછે મમસાજ.

(ચાલ્યો જાયછે.)

પ્રવેશ ૭ મો.

સ્થળ રાજ્ય મંદિર.

કાંન્તા...દાસી..................કુંતીભોજ.

કાંન્તા—દાસી! હજી પ્રાણનાથ કેમ ના આવ્યા?

દાસી—બાઇ સાહેબ તે આવતા હશે, કાંઇ કામમાં રોકાયા હશે તેથી વીલંબ થઇ હશે. [જુઓ! જુઓ! પોતે એ આવે.)

કાંન્તા—હા એ પોતેજ ?(પાસે આવ્યા એટલે] પ્રાણનાથ આટલી બધી વાર?

કુંતી—પ્રિયા કાંઇ કામમાં રોકયો હતો. આજે એક કોઇ રાજ્યકુમાર આવેલો છે તેને ઊપમંત્રીની જગ્યો આપી તેથી કાંઇ કામ બતલાવા સારૂ જરા વધારે રોકાવું પડયું હતુ તેના લીધે જરા વિલંબ થઇ.

કાંન્તા—પ્રાણાધાર પુત્રીની ખબર કાંઇ લ્યોછો?

કુંતી—ના પ્રિયા! હાલમાં તો મે તેની કાંઇ ખબર લીધી નથી પણ તે તેની મેળે વિદ્યાભ્યાસ કરતીહશે.

કાંન્તા—પ્રાણવલ્લભ! હવે તેની વય થઇછે ને

આપે કાંઇ તેનાં લાયક વર જોવડાવ્યો છે?

કુંતી—હું તેજ વિચારમાં હતો ઠીક થયુ તેં યાદ દીધુ. આજે ગોરને બોલાવીને સ્વયંવરનું શુભ મુહુર્ત જોવરાવું છું ને વિનંતી પત્ર પણ આજે લખાવવા હુકમ કરૂં છું ને કુંવરીને પ્રધાન સાથે આ હકીકત કહાવું છું.

કાંન્તા—પ્રિયપતિ! હવે વિલંબ કરાય તેવું નથી કારણ કે તેની વય થઇ ગયેલી છે માટે!

કુંતી—ખરી વાત છે, જઇને હાલ ગોરને તેડાવીશ કુંવરીને પણ કહેવરાવું છુ.

કાંન્તા—તો બહુ સારૂ!

કુંતી—લે ત્યારે હું હવે જાઉંછું કારણ કે કચેરીનો વખત થયો. માટે

કાંન્તા—હા! જાઓ સુખેથી (ચાલ્યા જાય છે).

(પ્રવેશ ૭ મો સમાપ્ત.)

પ્રવેશ ૮ મો.

સ્થળ પદમાવતિનો મેહેલ.

પદમાવતી પુષ્પસેન.

પુષ્પસેન—મૃગનેની પ્રિયા! હવે લગનવીધી થઇ ગઇ એટલે હું કોઇની દેહેસત ગણતો નથી કારણ કે ભય માત્ર ઇશ્વરનોજ રાખવો પડે છે તો તે નીયમ

પ્રમાણે વર્તણુક થઇ ગઇ એટલે કોઇનો ભય નથી.

પદમા—પ્રેમસાગર ! આપનું કહેવું સત્ય છે કારણ કે સૌનો કર્તાઇશ્વર છે તો તેનો ભય રાખવો જોઇએજ.

વસંત તીલકા છંદ.

પુ૦**પ**—કાન્તી અતી શશિ રૂપે, રહી ખુબ શોભી,
જાણે તડીત ગગને ગ્રહી મેઘ ઉભી,
જો મૃત્યુલોક કદિ આવી જુવે ત્રીયાને.
ઊન્મત્ત આપ બનિ જાયજ બાઝવાને. ૧
અંગો સુકાય કુંસુમો કરમાય તે મે,
કર્તાં ક્રિયા સખિ સહે તજિ નેમ પ્રેમે;
દાંતો રહ્યા સુ કળિ દાડમથી અતીશે;
શોભી લલાટ તપતુ રવિ રશ્મિ દીસે. ૨

પદમા—હે પ્રાણનાથ નીર્ખ્યો તમ પ્રેમ સાચો;
ખીલ્યા સહુ અવયો, નહિ કામ કાચો.
દેખી તમો મન પ્રફુલિત મારૂ થાય:
સંભાળ નાથ પ્રિત સાથેજ મારિ કાય, ૩
બોલી ન બોલ મનમાં રહી લાજ ધારી;
વાગેલ બાણ વિરહે, પ્રિય પ્રાણ ભારી;
રાજી ખરે અતિ ઘણી હમણાં દિલેહું

દીલોસુજાન ગુણ ગાઇ વધૂ કહું શું. ૪

પુષ્પ—ખીલેલ છે ઉપસ્થળો જયમ શ્રીફળો તો;
સુરંગ નેન મહિ દેખત આંબળો તો,
લાજે અનંગ ગતિથી અતિ હું લહુ શું,
લીલા કરી વિવિધ આજ વધ વદૂ શું. ૫

પદ્મા—પ્યારા ઉમંગ મુજને મનમાં અતીશે,
સ્વામી ગૃહુ કર અહીં અતિ પ્રેમ સ્પર્શે;
સંસાર સુખ પ્રિય યાર અતી ચહીંન,
આનંદથી દિલ મળી અતિ શોખ લૈયે. ૬

પુષ્પ—મોહાબ્જિ અંગ પ્રકતી થકિ છે બનેલુ;
બાણે કરે હુર ખરે વપુ કુમળીનુ;
હેતુ પ્રિતી થઇ મને મનમાંહી મા'લે;
કાંન્તા શશી વદનિ, હંસનિ ચાલ ચાલે. ૭

હે પ્રિયા લે હવે ઘણીવાર થઇ તેથી હું તો જઇશ !

(ગીરધારીરે વાત કહુછુ વીચારો એ રાહ.)

પદ્મા—સુણો આજેરે ! પ્રીતમ પ્રાણાધારા,
સર્વોતમ પ્રાણથિ પ્યારા,
રહીઆંહીંરે, દાસિ એકલિ તમદારા;
સાચુ માનજો નાથજી મારા;
એકલડો જીવ અકળાશે રે !, (૨)

પ્રિય પુષ્પ કળી કરમાશેરે,
તન ભડકેથી બળી બળી જાશે રે, (૨)
કહું સાચુ રે, ઝુરી મરૂં હું પ્યારા; સ૦ ૧
સુખ સાગરથી રે, શાને બુડાડો આજે;
મારૂ કોમળ કાળજું દાઝે
તે હોલાવો રે પાસે રહી દિનદાસી,
પતિ થાય છે બહુ ઉદાસી.
ટળ વળિયાં મારૂં આંહે રે, (૨)
આપ જતાં દુખ અતી થાયે રે. (૨)
આશું કુડુ કીધું બાપ માયે રે (૨)
પ્રિયપતિરે, દિલે ઊઠયા અંગારા. સ૦ ૨

પુષ્પ— **ગજલ.**

(શાદીએ જલવાએ ગુલફામ મુબારક હોવે;) એરાહ.
પ્રિયા તુ પ્યારી સારીછું, દીલોજાન મારી;
તુને દખીને રહુ હું સદા આનંદકારી- પ્રિયા. ટેક. ૧
જાવુ તુજ પાસથી લાગે છે મુને ઘાવકારી;
પિતા તારાનો ભય રાખવો પડે છે ભારી પ્રિયા. ૨
માટે હવે જવુ જોઇએ રે બધી ગઇ સારી,
ચેતે પિતા તાહરો તો કામ વધી જાય ભારી. પ્રિયા. ૩

પદમા—પ્યારા આપ જાઓછો તો વેહેલા પધારજો;

કોઈ સારી સોબત જોઈ સમાચાર કહાવજો.
પ્યારા. ૧

(પુષ્પસેન જાય છે પ્રવેશ. પુર્ણ.)

પ્રવેશ ૯ મો.

સ્થળ. પદમાવતીનો મેહેલ

પદમાવતી   પ્રધાન;

પદમા—(પ્રધાન આવતાજોઇ)આવો! પ્રધાન પિતા

પ્રધાન—હા બેન! ખુશીમાં છુકના ?

પદમા—હા! આપના પુન્ય પ્રતાપથી! આપે આ જ મારેજ માટે શ્રમ લીધો કે કાંઈ બીજા કારણસર?

પ્રધાન—ના બેન તમારેજ માટે! તમારા પિતાજીએ કહેલું છેકે હવે સ્વયંવરનું મુહુર્ત જોવરાવીને થોડા વખતમાં લગ્ન વિધી થશે માટે તમારે કોઇપણ રીતની ફિકર કરવી નહીં એવું કેહેવાને મને મોકલ્યો છે.

પદમા—(શરમાઇને) મારા વિશે મારા પિતાને કેહજો કે સ્વયંવર કરવો હોય તો કરો અગર ન કરવો હોય તો તમે જાણો પણ મારાં લગ્ન તો આપણા રાજયમાં જે હાલ શુરવીર આવેલ છે તેમની સાથે થઇ ચુકેલા છે, પછી જેવી તમારી મરજી.

પ્રધાન—અરે ગાંડી બેન! તું આ શુ બોલે છે?

તે બંનેમાંથી કોઇની પણ સલાહ લીધી છે? તો તારા થી વરાયજ કેમ?

પદમા—(નીચુ ઘાલી રડી પડીને) પિતાજી મેં સલાહ તો કોઇની પણ લીધી નથી. ફક્ત હું તો તેના રૂપ ગુણનેજ વરી ચુકીછુ માટે આપ મારા પિતાજીને હેવી રીતે સમજાવશો કે કોઇની ઉપર ગુસ્સે ન થાય.

પ્રધાન—ઠીક છે લે ! હું તો ત્યારે જાઉછું (જાયછે)

પદમા—હા ! સુખેથી પધારો (સ્વગત) હવે પીતાજી શું કરશે ! કદાપી તેમને પોતાને સિક્ષા કરાવી મારી નંખાવશે તો નીશ્ચે મારે મરવું પડશે. (પુર્ણ)

પ્રવેશ ૧૦ મો.

સ્થળ રાજ દરબાર.

કુંતીભોજ પ્રધાન.

કુંતી—(પ્રધાન આવતો જોઇ) કેમ પ્રધાનજી? કુવરિની શી ખબર લાવ્યા?

પ્રધાન—માહારાજાશ્રીરાજ? કુંવરિ મનેતો કાંઇ જવાબ આપતાં નથી.

કુંતી—ઠીકછે હું જાઉછુ. (રાજા ચાલ્યા જાય છે)

પ્રવેશ ૧૧ મો.

સ્થળ પદમાવતીનો મેહેલ.

પદમાવતી કુંતીભોજ.

પદમા—(પિતાજીને આવતા જોઇ) આવો પિતા જી પધારો. (દુર ઉભી રહે છે.)

કુંતી—હા પ્રાણાધાર સુતા ! ખુશીમાં છેકની ?

પદમા—હા પિતાજી! આપના દર્શને.

કુંતી—બેન હવે તારે કોઇપણ રીતની ફીકર ચીંતા કરવી નહીં હવે હમે તારા લગ્ન સંબંધીના પ્રયત્નમાં છીએ. સ્વયંવરનાં વિનતી પત્ર કાલે લખાવવાનાં છે માટે તારે ફિકર કરવી નહીં.

(એટલામાં પુષ્પસેન પોતાની તલવાર ભુલી ગએલો એ દુરથી નજરે પડવાથી ગુસ્સે થઇને)

પુત્રી! બોલ તું સત્ય કહે પેલી તલવાર કોની છે?

પદમા—પિતાજી (નમ્રતાથી નીચું ઘાલી) આપના તાબામાં જે રાજકુંવર છે તેજ સાથે મારે વરવાનુ નીશ્ચે કરેલું છે તેમની રહી ગઇ હશે?

કુંતી—તું આ શું બોલે છે? ને તારાથી એન વરાયજ કેમ! છેક નાદાનીની વાત કરતાં તુંને એકદમ

શર્મ નથી આવતી, જા જા ? અહીંયાંથી. હમારા બંને-માંથી તેં કોઇની પણ સલાહ લીધી છે! તો તારાથી આવું કામ થાયજ કેમ

પદ્મા—(રડી પડીને) પિતાજી ગમે તેમ કરો ચાહાયતો મને મારી નાંખો, પણ હું તો તેમને વરી ચુકી છુ. ને તે સર્વ વિદ્યામાં કુશળ છે.

કુંતી—ઠીક છે તેને તો હું આજે જઇને તુરત વરવાને મોકલુછુ.(રાજા ગુસ્સાથી ચાલ્યો જાય છે.)

પ્રવેશ ૧૨ મો.

સ્થળ રાજ દરબાર.

કુંતીભોજ...પ્રધાન...ગુલાબસીંગ તથા દરબારીઓ.

કુંતી—(ગુસ્સે થઇ) હાંરે! કોઇ છે કે?

સિપાઇ—સાબ.

કુંતી—જાઓ પ્રધાનજીકુ બોલા લાઓ

સિપાઇ—બોત ખુબ સાબ (સલામ કરી(જાયછે)

પ્રધાન—(પ્રવેશ કરી) મહેન્દ્ર! મારૂં શું કામ પડયું છે ? જે કામ હોય તે સુખેથી કહો.

કુંતી—જુઓ પ્રધાનજી! આપણે જ્યારે પેલા માણસને ગરીબ જાણીને રાખ્યો ત્યારે તેણે તો પેટ ઉપર પગ મુકવા માંડ્યો દેખાય છે. ને વળી તેતો કંઇ કુંવ-

રીના મોહોલે જાય આવે છે એવી ગડબડ મારા સાંભળવામાં આવી છે. તો હું આજ ઘડીએ તેને બોલાવીને મારાઓ સાથે મોકલાવી દઉછું.

પ્રધાન—મહારાજ ! એ પણ બળવાન તો ઘણો છે, માટે કોઇપણ રીતે તેને વીદાય કરો તો બહુ સારૂ.

કુંતી—(ક્રોધથી) નહીં ! નહીં ! ગમે તેવો બળીઓ છે તોપણ શું થયુ ! !હું તેને કદી પણ જીવતો મુકનાર નથી એના જેવાને આ દુનિઆમાં જીવતા રહેવા દેવા એ લાયક નથી. માટે જાઓ સિપાઇઓ ગુલાબસીંગને આજ વખતે સત્વર બોલાવી લાવો ને બીજા બે મારાઓને પણ સાથે તેડતા આવજો.

સિપાઈઓ—બોહોત અચ્છા સાબ (જાય છે)

ગુલાબસીંગ—(પ્રવેશ કરી) મહાન મહિપતી ? શી આજ્ઞા છે ? જે કાર્ય હોય તે સુખેથી ફરમાવો હું કરવાને તત્પર છું (એમ કહી ને ઉભો રહે છે).

કુંતી—(ગુસ્સેથી) અરે ચાલ દુષ્ટ ! મેં તને ભાવથી રાખ્યો, બધા કરતાં તારો પગાર વધારે કર્યો. ત્યારે તું આવું ચંડાળ કર્મ કરવા તત્પર થયો તો હશે કાંઇ ચીંતા નહીં.

ગુલાબસીંગ—(ક્રોધ મય થઇને) હેં રાજંન !

તમે મારા મુરબ્બી છો, ને મને વળી આશ્રય આપી રાખેલ છે, તેથી આપે જે આ અયોગ્ય શબ્દ કહ્યા તે પણ હું પેહેલી વારનો જાણીનેજ ચુપ રહ્યો માટે હવે જરા વિચાર કરીને બોલો ને મારો શો ગુન્હો છે તે મને સત્વર ફરમાવો.

કુંતી—તેં જે ગુન્હો કીધો છે, તે હું આરાજ્ય સભાની અંદર કહેવાને અશક્ત છું. તારી મેળે સમજ.

મારાઓ—(પ્રવેશ કરી) બાપજી છાબ હમારૂ કુ કામ પડ્યું જે અમને બોલાવ્યા સે? છાબ જે હુકમ હોય તે કહી દીયો.

કુંતી—જાઓ આ માણસને દક્ષીણ દિશામાં વધેરી આવો અને તેને માર્યાની નીશાનીમાં આંખની બે કીકીઓ લેતા આવજો.

મારાઓ—બહુ હારૂ બાપજી, હેંડ અલ્યા મનક.

ગુલાબસીંઘ—(એકદમ પોતાની પાઘ મોંયસરસી પછાડી કટાર કાહાડીને) હે મહેન્દ્ર મેં આપને આ ભુમી પર પગ મુકયો ત્યારથીજ મુગટ મણી માનેલા છે. આપની આજ્ઞા શિર ચડાવવાને હું તત્કાળ તઈઆર છું તથાપી માહારા બાન ગુન્હે આ પ્રમાણે આજ્ઞા ફરમાવોછો તો આજ ક્ષણે આપની સમક્ષ મારો પ્રાણ કા'ડવા

તઈયારછું. આપના ક્રોધ યુક્ત વચને કરીને મે સુરવીર પદ ધારાણ કર્યુંછે તો હું આપને આધીન થઇ શકતો નથી અને આ સમયે અલ્પ પાણ લઉછું કે આ મારા ટેકાવેલા વાંમપાદને સ્થળાંતર કરે એવો કોઇ વીર આપની રાજ્ય સભામાં હોય તો તતક્ષાણ હું મારૂ સીર તેના સ્વાધીન કરીશ. પાણ આપના કાંઇપાણ ઢંગ વિનાના ક્રોધે હુકમને આધીન થઇ મારા માત પિતાને લજ્જા લગાડનાર નથી.

કુંતી—અરે આ શબ્દો તુ વિચાર કરીને બોલેછે? તારો ગુન્હો તુ તારા મનની અંદર સમજ માટે એ સબંધી એક શબ્દ પાણ મારે મુખેથી બોલાવ નહીં. ને જો તેમ નહીં થાય તો એક પ્રાણને બદલે અનેક પ્રાણ જશે માટે અરે સત્ય શુરવીર પુત્ર મારી આજ્ઞાને સ્વાધીન થા.

ગુલાબસીંગ—રાજેન્દ્ર ? બિન ગુન્હેગારને પાણ જો શાંતતાથી હુકમ ફરમાવો છો તો તે શિર ચડાવુછુ. (ચાલ્યો જાય છે)

પ્રવેશ ૧૨મો સમાસ.

અંક બીજો સમાસ.

पद्मावति स्वयंवर

અંક ૩ જો.

પાત્ર.

कुंन्ती भोज धारानगरीनोराजा
नितिसागर तेनो प्रधान
कान्ता तेनी राणी
पद्मावती तेनी कुंवरी
गुणगवरी तेनी दाशी
पुष्पसेन चंपानगरीनोराजकुंवर
चंद्रावळी नायका

ત્યારબાદ મારાઓવીગેરે-

અંક ૩ જો.

પ્રવેશ ૧ લો.

સ્થળ. પદમાવતીનો મેહેલ.

પદમાવતી... ગુણગવરી... પાછળથી ચંદ્રાવળી.

પદમા—(પોતાના મનની સાથે દિલગીરોથી) અરે ! હવે હું શુ કરૂ. મારા પિતા નક્કી તેમને મરાવશેજ, અરે મને ! કાંઇ સુઝતુ નથી, દાશી પણ હજી સુધી કાંઇ ખબર લેઇ ન આવી ! (દાશી આવવાથી તેને આતુરતાથી)

કેમ બેન ? તું શું ખબર લાવી મને તાકીદ કેહે.

ગુણગવરી—બાઇ સાહેબ ! પુષ્પસેનને તો મારાઓની સાથે મારવા મોકલ્યા (એટલે મુરછાંગત થાય છે) તેને તમારા પિતાજીએ કાંઇપણ ગુનો નહીં પુછતાં ગુનેગાર ઠરાવ્યો, પુષ્પસેને ઘણીએક તકરાર લીધી પણ આખરે તેનું કાંઇ નહીં વળ્યુ ને મારા સાથે મોકલ્યા.

પદમા—દાસી ! ત્યારે હવે આપણે શું કરવું ! નહીં તો ચંડાળો તેમનો પ્રાણ લેશેજ!!માટે કાંઇ યુક્તિ બતાવ ને તેમને બચાવવાનો પ્રયત્ન કર.

ગુણગવરી—(વિચાર કરીને) બાઇ સાહેબ !

હા! મને યાદ આવ્યું આપણા નગ્રમાં પ્રખ્યાત પામેલી ગુણકાછેતેને બોલાવીએ તો તે કાંઇ સલાહ બતાવે.

પદ્દમા—ત્યારે બેની! જરૂર તું બોલાવી લાવ્ય.

ગુણગવરી—બહુ સારૂ ત્યારે હું જાઊંછું.

(દાશી ચાલી જાય છે પદ્દમાવતી દિલગીરીથી)

લલિત છંદ.

અરર હે પ્રિયે કેમરે ગયા,
અરર મા'રી શુ આવિ ના દયા;
તમ વિના હવે પ્રાણ જાયરે,
તમ વિના હવે કષ્ટ થાયરે. ૧
અરર હે પ્રભુ પાપ મેં કર્યાં,
અરર નાથજી આવિ ના દયા;
પ્રિય હું વ્હાલથી ભેટતી હતી,
મુજથી તાહરો પ્રેમ તો અતી. ૨
જગત નાથજી હાથ ઝાલરે,
પ્રિયપતી તણું સુખ આલ્યરે;
નમિ નમિ કહું વિશ્વના પતી,
વિનતી સુણીનેસુખય્યો પતી. ૩

(એટલામાં મુરછાંગત થાયછે ને દાશી તથા ગુણીકા આવેછે.)

ગુણગવરી—બાઇ સાહેબ! આપ અપસોસ

ન શાને કરોછો એતો શર્વે સારાં વાંના થશે આ બેનઆવ્યાંછે

પદ્દમા—(અધીરાઇથી) કયાંછે ? (આંખ ઉઘાડી વળગી પડીને)

(ઓધવજી સંદેશો કેહેજો શામને) એ રાહ.

પ્રિયે સખી શાણી બેની સુણ વાતડી,
પ્રિયે અંતર જે કોને નવ સુચવાય જો;
હઇયુ ભડકે ભડભડ બળતું સર્વદા,
એતો મારા કોમળ હૃદય ન ખમાય જો, પ્રિયે. ૧
સ્વામીને હુ નીર્ખતી આ મેહેલમાં,
સુખ સાધક જે રંગ બીરંગી રાય જો;
મોહોલ દીપાવ્યો અકળીત કળના શોખમાં,
તે સ્થળ દેખી મમ મનડુ હરખાય જો. પ્રિયે. ૨
સ્વામીનાથે વારી ભર્યું પ્રેમનું,
લેતું તે ચોપાસે લેહેકી મેહેક જો:
આઠ પોહોરો કરતી સ્નાન હું તે વિશે,
સુગંધી વહેકાયામાં સુખ મેહેક જો. પ્રિયે. ૩
બેની તારી પાસે હું વર્ણન કરૂં,
હઇડુ મારૂ અતીશે દુ:ખે અકળાય જો:
જો હું સ્વ વિલાસો યાદ કરૂં અહીં,
તુરત મારી છાતી ફાટી જાય જો. પ્રિયે, ૪

એની રૂપ ગુણવંતો નર રૂડો હતો,
તેને ગાંધર્વ લગ્ને સોંપી કાય જો:
તે વાતલડી ફાટી ગઇ પળ એકમાં,
વીપરીત નીવડયું તે મુખથી શું કેહેવાય જો. પ્રિયે. ૫
માત પીતાએ જાણી સૌવાત એ
કોપ્યા ક્રોધ કરીને અધીકો મનજો
પીતાએ તુર્ત રાજ્ય સભામાં દીધો હુકમ.....
(નહીં ગવાવાથી મુર્છાંગત થઇ હેઠે પડેછે.)
(વનચર વીરા વધામણી) રાગ બેલાવર

ચંદ્રાવળી—પ્રિયેસખી અકળાયકાં, પ્રભુકરશે ભલુરે;
ચિંતા તજી દૂરે અતી ઘણી, શાકે કાંઇના મળેરે. પ્રિયે ૧
હરી મેહેર કરશે તારીપરે, થાશે સૌ કૃત્ય સારાં,
પ્રાણ પ્યારો પતિ પામશો, થાશે કૃત્યો પુર્ણ
ધાર્યાં પ્રિયે- ૨
શાણી શોક અતી તેતજી દીએ, કરી પ્રયાસમારા,
સગુણો પતીલાવી દેવુ, બજાવી પ્રાણ પ્યારા પ્રિયે- ૩
(એટલા વખતમાં સાવધ થઇને પાછી બોલે છે.)

પદમાવતી— **રાહ ઉપરની.**

જો મારા સ્વામીનો આ અવની વિશે,
તનડામાંથી જીવજ જાશે બેનજો;
તો તો આ સઉ મીથ્યા જગતજ માહરે,

મીથ્યા લેવો વઇભવ ને સુખ શાન્તી જો. પ્રિયે. ૭
સતી રૂપી હું રહુછું પ્યારા સંગમાં,
પ્રાણ સખી લેઇ અરપુ પ્યારા સાથજો
આ મારૂ તન સળગાવું પતિ સંગમાં,
સતી થઇ રહુ પ્યારા સંગ ઉમંગ જો. પ્રિયે. ૮

(છાતી બહુ ભરઇ જવાથી તેને છાની રાખીને કહેછે)

ચંદ્રાવળી—હ્યો બેન ? ત્યારે હવે હું જાઉંછું તમારે તે વિશેની કશી ફીકર કરવી નહીં ને ગમે ત્યાં હશે પણ હું બચાવીને લાવીશ.

પદમા—હા બેન ! આ વખતે મને સાહ્ય થનાર તમારા શીવાય બીજુ કોઇ નથી, ને મારે તમારોજ આશ્રય છે માટે સુખેથી જાઓ પાછાં તાકીદ આવજો. દાસી જા થોડી એક મોહોરો લાવી તેમને આપ.

ગુણગવરી—આપુ બાઇ સાહેબ ! (લાવીને આપેછે)

ચંદ્રાવળી—હ્યો ત્યારે હું જાઉછું (ચાલી જાયછે)

પદમા—હા ! જાઓ સુખેથી! વેહેલાં આવજો.

પ્રવેશ ૨ જો.

સ્થળ. જંગલ.

પુષ્પસેન.....બેમારાઓ....પાછળથી ગુણીકા

૧ મારો—ચમછે અલ્યા ભાઇ તારે કોઇને હંભા

રવો છેકે? હું મારવો હોયતો હું મારીલે નહીંતો મોડુ ઉ ડાવી દીજીએ છીએ.

૨ મારો—અલ્યા ભુડા? હાસ્તો થાકે એના ભગ વાનીયા ભગવાનીઆને હું મારવો હોયતો હું મારી લેવા દે.

પુષ્પ—અરે ભાઇઓ તમારે મને મારવોજછે! જો એમ હોયતો હુમાગું જરા સબુર કરોને પછી તમારે જે કામ કરવું હોયતે તમારી મેળે સુખેથી કરજો (રડી પડીને) અરે હું કોણ, ને ક્યાં આવ્યો અરે માકુરા વાહુલાં માત પીતા હવે તમારા પુત્રના વીયોગમાં તમે ઝુરી ઝુરીને મરશોજ!! એકનો એક પુત્ર તેની પાણુ અત્યારે આસ્થી તિ થઇછે. આતે ઇશ્વરી નીયમ કેવી રીતનો કેહેવાય, અ રે મિત્ર બુધ્ધીસાગર? તું તારા મીત્રનું મોઢુ ક્યારે જો વા પામીશ? અરે મારી પ્રીયા હવે તારૂ શું થશે!

ગઝલ પોલકની.

(ચંદ્ર મુખીને એકલી છોડીને હું આવ્યો અહીં)

પદમા વતિને વિયોગે, પ્રેમ પાશે મરૂ ખરે,
પ્રેમ પવીત્ર પાસથી, નિશ્ચ હસ્તે મરૂ અરે. ટેક- ૧
પ્યારી સ્થિતિ બુરી થશે, મૃત્યુ થકી મારા ખરે.
વ્હાલી પ્રિયા સુણીને આ, પ્રાણ કાઢશે અરે. ૨
વ્હાલી સુલોચના પ્રિયા, તારૂ હવે શું થશે.

માત ઝંખે વળી પિતા, મરશો વીયોગમાં અરે. ૩

૧ મારો—અલ્યા ભાઇ હજી તારો પાર આવ હેકે નહીં? હમે ચ્યાં હુધી ખોટી થઇએ હમો ઉભોરે ભાઇ

પુષ્પ—અલ્યા ભાઇઓ! તમે જરા સબ્બર કરોને મને ઇશ્વરની સ્તુતી કરી લેવાદ્યો? પછી તમારી મોક જે કરવુ હોયતે સુખેથી કરજો. અરે આટલી બધી વાર થઇતો પાણ કોઇને દયા નહીં આવી ને કોઇ પાણ બચાવવા નહીં આવ્યુ! કે આબિચારો બીન ગુનેગાર માર્યો જાયછે. હેવી રાજાને પાણ દયા નહીં આવી, કે હુ એને પાછો વળાવુ હશે જેવી ઇશ્વર ઇચ્છા.

ગજલ.

(દયાસીંધુ તુ થઇને દયાળુ, દોશથી કરજે મુકત મનેરે.) એ રાહ.

કૃપાળુ હે દેવ આનંદ કારી,
પાપોની કરજે માફી મનેરે; કૃપાળુ હે દેવ-ટેક૧
કૃત્યો કર્યાં હશે અતિ પાપ કેરાં,
ઓલંગી તારા નિયમ નેરે;
રંક કૃતી સર્વે ક્ષમા તુ કરજે,
મોક્ષ દેજે દયા ધારી રે; કૃપાળુ. ૨

ગજલ અથવા (દોહરો.)

કુંમારઅવસ્થાને વિશે, સુખ લીધુ અપરમપાર;

આ સ્થળ નીચ હસ્તે મરૂ. શુ કમબખ્તી આ વાર. ૧
પ્યારી પદમાવતી વિયોગે, પ્રાણ પવીત્ર રે જાય;
બચાવવાનો સત માર્ગ એ, જો પ્રભુ વારે ધાય. ૨

ચંદ્રાવળી—(પ્રવેશ કરીને મારાઓને) અરે ! ભાઇઓ તમે એમને કેમ મારો છો?ને તેમનો શો ગુનોછે.

મારો—બાઇ સાબ અમારો તો ગુનો કાંઇ કર્યો નથી પણ રાજા હાબનો ગુનો કીધેલો તેથી એમણે અમને મોકલેલા ને કીધેલુ કે મારી લાખજો.

ચંદ્રાવળી—વારૂ તેતો ઠીકછે! પણ તેને તમે જવાદ્યો તો શું અડચણ છે? ને તમારે જે ધન માલ જોઇતો હોય તે હું આપુ.

પુષ્પ—તમે કોણ છો? ને આ શું બોલો છો? હું તો આજ્ઞા કદી પણ ઓલંગનાર નથી તમે તમારે જાઓ.

ચંદ્રાવળી—હું તમારી પ્રિયાની સખીછું ને તેમોને છોડાવવાને માટે મને મોકલી છે. ને તમે શાને માટે ના કહોછો. હું આવીછુ! એટલે હવે તમારો છુટકો થનાર નથી. ને જો હવે તમે મત કરો તો તમોને સ્ત્રી હત્યાનું પાપ છે અગર દુનિયામાં થાય તેટલું માટે ચાલો મારી સાથે !

૨ **મારો**—બાઇ છાબ જવા તો દીજીએ; પણ કદી

રાજા છાબ જાણે તોપછી? માટે એમને નહાડી મુકોતો?

ચંદ્રાવળી—ઠીક છે ત્યારે એમ કરીશું (ગુણીકા ને પુષ્પસેન જાય છે ને મારાઓ અગ્ર મારી તેની આંખો લઇને રાજા પાસે જાય છે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ ગુણીકાનુ ઘર.

પુષ્પસેન...ગુણગવરી...ચંદ્રાવળી.

પુષ્પ—મારી પ્રિયાની શી દશા હશે! જો કદાપી મારા વિયોગમાં તેણે પોતાનો દેહ ત્યાગ કર્યો હશે તો નીસ્ચે મારે મરવું પડશે,

ચંદ્રાવળી—તે ખુશીમાંજ હશે! ને હું તેમના કહેવાથીજ આવી હતી. તેમની પણ હમણાં ખબર કહડાવું છુ (દાશી આવતી જોઇ) આ તેમની દાશી આવ્યાં.

ગુણગવરી—(પુષ્પસેનને) કેમ ! તમે ખુશીનાં છોની? તમારી ખબર કહાડવાને મને બાઇસાહેબે મોકલીછે.

પુષ્પ—હું તો હવે ખુશીમાંછુ પણ મારી પ્રિયાની શી દશા છે? તે તું મને પ્રથમ કહે.

ગુણગવરી—તે પણ ખુશીમાં છે માત્ર તમારીજ ફીકર કરતાં હતાં હવે થોડા દિવસ તમે અહીં રહો ને ખાઓ પીઓ ને આનંદ કરો.

પુષ્પ—ના, ના, હવે તો હું અહીં નથી રેહવાનો? આહ્યો જવાનો છુ, માટે કેહેજોકે મળવું હોયતો આવે.

ગુણગાવરી—નાના ! તમે હાલ એમ ના બોલો? નહીંતો તેમને માઠું લાગશે. ને હવે થોડા વખતમાં તમારો પણ ખુલાસો થાય એટલે સુખેથી જજો સ્વયં-વરની હવે થોડા વખતમાં તઇયારી છે.

પુષ્પ—પણ મારી પ્રિયાને કહેજો કે તારે મારા વિશે કાંઇપણ ફીકર કરવી નહીં. ને તુંને હું હયાત છીએ તો સરવે સારાં વાનાં છે.

ગુણગાવરી—બહુ સારૂ! હું જાઉંછુ(દાશી જાયછે.)

પુષ્પ—હાં જા સુખેથી.

ચંદ્રાવળી—આપને કયાં રેહેવું ! ને આપના પિ-તાનું નામ શુ ? ને કયા દેશના ધણી છો ? તે સત્ય રીતે કહો તો તમને લાભકારી થઇ પડીશ.

પુષ્પ—હું ચંપાનગરીના રાજા ચંપકસેનનો કુમાર છું ને મારૂ નામ પુષ્પસેન છે તે મારા પિતાએ એક વખત કાંઇ કામ સંબંધી પણ લીધેલું તે વચન પા-ળવા માટે બાર વર્શ દેશવટે નીકળ્યો છું.

ચંદ્રાવળી—ઓહો! એમકે બહુ સારૂં થયું કે મા રૂ ઘર પાવન કરયું? મારૂ પણ ધન્ય ભાગ્ય.

પુષ્પ—ઓ હવે હુતો જાઉછું. રાત્રી ઘણી ગઇ છે.

ચંદ્રાવળી—હા. સુખેથી.

પ્રવેશ ૪ થો.

સ્થળ. રાજ્ય દરબાર.

કુંતી—પ્રધાનજી? હજી સુધી પેલા મારાઓ કેમ નહીં આવ્યા? કદાચીત તેમને મારીને ગુલાબસીંગ નાસી તો નહીં ગયો હોય?

પ્રધાન—માહારાજ ! જો તેને નાશી જવું હોયતો અહીંથીજ નાશી જાત, કારણકે એના કરતાં કોઇ પણ માણસ આપના રાજ્યમાં શુરવીર નથી, ફકત આજ્ઞાથી બંધાઇને ગયેલો છે તો એમ કરે નહીં.

બે મારાઓ—(પ્રવેશ કરી) બાપજી છાબ હમે તેને મારી નાંછયોને તેની આંછયો પણ લેતા આવ્યા છીએ.

કુંતી—અલ્યા! તમોને કાંઇ વીતાડયું હતું કે?

૧ મારો—અરે છાબ હમેતો એને બહુ વશ કીધો કે બચારો રોવા માંડયો. હવે છાબ હમને કાંઇ અનામ-

કુંતી—બોલો તમારે શુ જોઇએ? જે જોઇએતે માગો?

૨ મારો—છાબ હમારે તો મણ માણ બાજરી જોઇએ.

કુંતી—ઓહો! હેમાંતે શુ માગ્યું પ્રધાનજી! આએ મારાઓને દશ દશ મણ અનાજ અપાવો.

પ્રધાન—બહુ સારૂ માહારાજ!

કુંતી—પ્રધાનજી ત્યારે હવે આપણે કાલે તમામ જગોએ વીનંતીપત્ર લખોકે સર્વે રાજાઓ સ્વયંવરમાંઆવે.

પ્રધાન—હા માહારાજ! કાલે લખીએ? કારણ કે હવે થોડા દીવસ રહયા.

કુંતી—હ્યોત્યારે હવે કચેરી બરખાસ્ત કરો જાઉંછું

પ્રધાન—માહારાજાધીરાજ સુખેથી.

ચોપદાર—રાજાધીરાજ માહારાજ કુંતીભોજ રાયને ઘણી ખંમા ખડે જાઓ મેહેર બાન કચેરી બરખાસ્ત-

પ્રવેશ ૫ મો.

સ્થળ પદમાવતીનો મેહેલ.

પદમાવતી.....ગુણગાવરી.. ...કાંન્તા.

પદમા—(વિચાર કરે છે) અરે હજુ સુધી દાશી કેમ ના આવી? અરે મારા પ્રાણથી પ્યારાની શી ખબર હશે! (દીલગીરીથી) કદાપી પેલા દુષ્ટ લોકોએ તેમને મારી નાંખ્યા તો નહીં હોય! અરે જો તેમને કાંઇ કાંઇ હોય તો હું નીસ્ચે મારો પ્રાણ ત્યાગ. કરીશ. (દાશી આવતી જોઇ ઉભી થઇ અધીરાઇથી)કેમ શું ખબર લાવી

ગુણગાવરી—બાઇ સાહેબ! વધાઇ! વધાઇ! વધાઇ! પુષ્પસેન પોતે ખુશીમાં આવ્યા છે ને કહેછે

કે મારી કોઇપણ રીતની ફીકર કરવી નહીં ને પોતે તો જતા હતા પણ મે સમજાવીને રાખ્યા કે હવે થોડા વખતમાં તમારો ખુલાસો થશે પછી જજો.

પદમા—બેની! હું તારા ગુણની ઓશીગણ ક્યારે થઈશ. મારા માત પિતા કરતાં પણ તુ વધારે આગળ વધી.

ગુણગવરી—બાઇ સાહેબ ! એમાં મેં શું કર્યું છે જે એતો મે મારી ફરજ બજાવી છે. નોકરનો ધર્મજ છે ને જો નોકર પોત પોતાની ફરજ ના બજાવે તો તે લુણ હરામીજ કહેવાય.

પદમા—તે તો બરાબર છે, પણ હવે મારાં માત પિતાની ખબર લેઇએ તો વધારે સારૂ.

ગુણગવરી—ઘણી ખુશીની સાથે પણ બાઇ સાંહેબ પેલુ કોઇ માતુશ્રી જેવુંજ આવે છે.

પદમા—હા તેજ ? ત્યારે તો ઠીક થયુ કે જવાની પીડા પણ મટી ગઇ. (ઉભી થઇ સામી જઇને) માજી ! આજે આપનાં પગલાં કેમ થયાં છે મારૂં કાંઇ કામ છે જે કામ હોય તે સુખેથી કહો.

કાંન્તા—બેન ! કામ તો કાંઇએ નથી પણ હા વુ નાદાની ભરેલુ કાર્ય તે કાંઇ કરતાં હઇશું ? તે કોણ તુ કોણ એ રખડતાની સાથે તારાથી વરાયજ કેમ !

પદ્દમા—(નીચુ ઘાલી સાંભળી રહે છે) પણ માજી તે સર્વ વિદ્યામાં કુશળ હતા.

કાંન્તા—બેન તેં જ્યાં સુધી મોટા મોટા યોધ્ધાને સ્વયંવરમાં બેઠેલા તેજોમય જોયા નથી ત્યાં સુધી.

પદ્દમા—માજી ! આ દુનિયામાં તો એકજ બર-થ.ર, (શરમાઇ) મારા પિતાએ તેમને મારવાને મોક-લ્યા તે શું ઓછું અઘટીત છે હશે જેમ થશે તેમ ખરૂ.

કાંન્તા—બેની ! ત્યારે કેહે હવે શું શું કપડાં મં-ગાવવાં છે. જે મંગાવવાં હોય તે કહે કારણ કે એકાદ-શીના દિવસે સ્વયંવરનો નિશ્ચય કાંઇ તારા પિતાએ રા-ખેલો છે માટે જે મંગાવવું હોય તે કહી દે.

પદ્દમા—માજી ! તમારી જે ધ્યાનમાં આવે તે મંગાવો મારે તો કાંઇએ નથી જોઇતું.

કાંન્તા—નથી શા માટે જોઇતુ તુ કહે તે મંગાવું.

પદ્દમા—માજી ! મારે વાહાલામાં વાહાલો આ દુ-નિયામાં મારો પ્રિય પતિ તેને મારા પિતાએ મરાવ્યો, તો હવે ગમે તેમ થશે તો હું બીજાની સાથે કદી પણ વરનાર નથી.

કાંન્તા—જા! જા ! હવે આવું ગાંડું શું કહાડેછે! તે શું તને ઘટે છે, ને જો આ વાત તારા પિતા જાણશે

તો ઘણાજ દીલગીર થશે માટે હાવું ના બોલ. લે ત્યારે હું તો હવે જાઉં છું.

પદ્મા—હા ! જાઓ સુખેથી બીજી વાર પધારજો.

પ્રવેશ ૬ ઠો.

સ્થળ રાજ્ય મંદિર.

કુન્તીભોજ...કાંતા.

કુંતી—પ્રિયા પેલા દુષ્ટને માર્યાની નીશાની પણ આવી ગઈ લે હવે આપણે કેમ કરવું. ?

કાંન્તા—પ્રાણનાથ ! તેમાં હું શું કહું આપની ધ્યાનમાં આવે તેમ કરો, પણ તમે તેને એકદમ મારી નખાવ્યો ને કુંવરી તો આજે કહેતી હતી કે મારેતો આ દુનિયામાં એક તેજ સ્વામી હતો.

માટે તમારે સ્વયંવર કરવો હોય તો કરો અગર નાકરો.

કુંતી—પ્રિયા ! તું કેમ ભુલે છે? એતો એણે સ્વયંવરમાં જ્યાં સુધી અરજુન અને અાણીરૂધ જેવા બાણાવળી યોદ્ધા જોયા નથી, એ બધુ ત્યાં સુધી અને તેમને જોશે એટલે તેના મનની વ્રતી તરત બદલાશે.

કાંન્તા—તો તો ઠીક છે! નીકર પુરી ફજેતી છે.

કુંતી—અરે ! એમાં શું છે? ત્યારે હું તો જાઊંછું.

ને આજે સ્વયંવરના વીનંતી પત્ર તમામ જગો ઉપર લખાવું છું.

કાંતા—હા! જાઓ સુખેથી પણ હવે તાકીદ રાખો કારણ કે હવે આઠ દિવસ રહ્યા માટે જેમ બને તેમ તાકીદ કામ કરાવો. (રાજા ચાલ્યો જાય છે.)

અંક ત્રીજો સમાપ્ત.

पद्मावति स्वयंवर

અંક ૪થો.

પાત્ર.

कुंन्ती भोज	धारानगरीनोराजा
नितिसागर	तेनो प्रधान
कांन्ता	तेनी राणी
पद्मावती	तेनी कुंवरी
गुणगवरी	तेनी दाशी
पुष्पसेन	चंपानगरीनोराजकुंवर
चंद्रावळी	नायका

ત્યારબાદ સ્વયંવરમાં આવેલા

રાજાઓ વીગેરે-

અંક ૪ થો.

પ્રવેશ ૧લો.

સ્થળ પદમાવતીનો મેહેલ.

પદમાવતી ને ગુણગવરી.

પદમાવતી—પ્રિય બેની! તું આમ આવ.

રાગ બિહાગ.

પ્રિયબેની રે તું સાંભળ એક વાત,
આપુછું હું પત્ર તે લઇ જાને પ્રભાત. પ્રિય.ટેક
જઇને પિયુને કેહેજે મારા તું પ્રણામ,
પદમાવતીબાઇ બનીછે ભજે આપ નામ. પ્રિય.૨

ગુણગવરી—ગજલ (અથવા દોહરો.)

સુણો બાઇ તમે વળી, એમાં શો સંદેહ,
મુજને ભાર પડે નહીં, તમારે મારે નેહ;
આપુ પત્ર એકાંત જઇ, તેડીલાવું ત્રત;
રસ્તો સૌ મેં નીર્ખીઆ જાણુંછું હું સત્ય.

પદમાવતી **માલિની.**

દુઃખ પ્રિય નીત્ય તારૂં, વાધિયું દૈવ યોગે;
ટળવળી મરૂ તેથી, પ્રેમમાં હું વિયોગે;
કર મમ જીવ સારૂ, શાંતી કેરા ઉપાયો;
પ્રિય પ્રિય પ્રિય જંખે, સર્વદા જીવ મારો. ૧

અરે ! ઇશ્વર મારી અને મારા પતિની તને જ-રાએ દયા નથી આવતી ? કે અમારા પ્રિતમ પ્રિયાના પ્રેમમાં વિઘ્ન નાંખ્યું? હશે નાંખ્યુ તો ખેર! પણ હવે તો તારા કોમળ બાળ સામી નજર કરી અમો બંનેને તાકીદ મેળવ.

અરે ! અમે (ગદગદ કંઠે) મનુસ્મૃતિ માહેલા ધર્મશાસ્ત્રના નવમા અધ્યાયમાં દરશાવ્યા પ્રમાણે શું? અમે પતિ પત્નિનો લાભ લેઇ શક્તાં નથી? અરે! વાહાલા માત પિતા તમને પણ મારી બીલકુલ દયા આવતી નથી કે. પોતાના પેટથી ઉત્પન્ન થએલા છીકોછે ને તેને તો કોઇપણ તરફનું કષ્ટ ના આપવું. હશે! જેમ તમે ધાંરયું હોય તેમ કરો પણ હુ નક્કી કહું છું કે તમે ઇશ્વરના ગુન્હેગાર થાવછો- સ્વયંવર કરો તોપણ મારે શાકામનોછે. (વીચાર કરછે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ. ચંદ્રાવળીનું ઘર.

પુષ્પસેન અને ગુણગવરી.

પુષ્પસેન—(એકલો) અરે પ્રિયા જો આમજ થવાનું હતું તો તે મને પ્રેમ પાસની જાળમાં નાંખી શું કરવાને ફસાવ્યો ?(વીચાર કરેછે)

ગુણગાવરી—(પ્રવેશ કરી.) લ્યો આ બાઇસાહેબે પત્રીકા મોકલીછે? (આપેછે)

પુષ્પ—(હર્ષથી) શું આ! મારી પ્રિયાની લખેલી પ્રેમ પત્રીકા?? (વાંચેછે)

રાગ. હોરી.

પ્રિતમ વેહેલા આવજો કાલ,
સ્વયંવર મંડપ માંય.
માત પિતા મંત્રી સુચીત્ર મારાં,
દુશ્મન થયાછે આવાર. ટેક
આપની જોડમાં ભંગાણ ધારચું,
મુકાવીને પતિ પ્યાર પ્રિતમ- ૧
મારા પિતાએ સ્વયંવર રચીયો,
તેનુ શુભ મહુર્ત કાલ,
દેશ દેશના રાજેન્દ્ર આવ્યાછે,
તમ વિના સૌ સાલ. પ્રિતમ. ૨
સ્વયંવર સઘળો મિથ્યા મારે છે,
આ સરાય વિણ આપ;
આપ સંગે સત્ય વરી ચુકીછું,
અન્ય પુરૂશ ભાઇ બાપ. પ્રિતમ. ૬

(મનમાં) આહા !! શુ તેનો પ્રિતીનો પ્રેમ ને શુ

તેનુ જ્ઞાન, ને શું તેનો લખવાની લાવણ્યતા છે. (દાશીને) બાઇ તુ જરા બેશ તેનો જવાબ લખી આપુછું (પત્રીકા લખી આપે છે) લે આ હાથો હાથ આપજે (દાશી લઇ જાય છે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ. પદમાવતીનો મેહેલ.

પદમાવતી ને ગુણગવરી.

પદમાવતી—(એકલી) દાસી હજુ સુધી કેમ નહીં આવી? ગયે વારતો ઘણીથઇ ગઇછે, દાસી આવતી જોઇને, કેમ બેન આવડી બધી વાર?

દાસી—પોતે આ પત્રિકા લખવા રહ્યા તેથી જરા વિલંબ થયો (આપેછે,)

પદમાવતી—(પત્રીકા લઇ છાતી સરશી દાબી ચુમન કરીને વાંચે છે.)

ગરબી.

(મારારે સ્વામી મારાથી છોટા એરાહ)
પ્રિયા દશા મારી થઇ ભુંડી,
સ્વપને આજે દીઠી પ્રિયાં રૂડી. પ્રિયા. ૧
અચાનક ભેટી તું કોડી,
હર્શીત થઇ આંસુની જોડી. પ્રિયા. ૨

પ્રેમે પ્યારી આવી પ્યાસે પાસ,
નીહાળી કલ્પી પ્રતી કયાસે. પ્રિયા. ૩
લાવી રૂપા થાળ ભરી મેવો,
જમીને વિયોગ મુકયો કેવો; પ્રિયાં. ૪
પછી પોઢી મારી સોડે પ્યારી,
ગમ્મતે વાગી નેનોની કારી. પ્રિયા. ૫
અંગે સ્પર્સ કરી પ્રિયા બાઝી,
પ્રિયા પ્રિતી રીતી દાખી ઝાઝી; પ્રિયા. ૬
આલીંગન તત્પર થયો હર્ષે,
અભાગી કર ભાગો ઇસે. પ્રિયા. ૭
ચક્ષુ તુર્તચપળ બની ચમકયાં,
કુદરત રીતે યાદ કરી ઝબકયાં; પ્રિયા. ૮

હે પ્રિયા !! મારી અતીશય બુરી અવસ્થા સ્વપ્નેકરી છે, હવે મારૂં મન વ્યાકુળ થયું છે જો મળેતો સારૂં.

રાહ ઉપરની.

પ્રેમે પ્યારી દુખડાંની વાતો,
કહું તો લાજે અનંગ ગાતો; પ્રિયા. ૯
રહયોછું અહીંયાં છુપો હૂંતો,
સર્વે જાણે ચતુરા તુંતો; પ્રિયા. ૧૦
સ્વયંવર સમય નહીં આવુ,

આનીશતો તેથી હું નહીં ફાવું. પ્રિયા. ૧૧

(આ છેલ્લી લાઇન વાંચતાંજ મુર્છા ખાયછે ને દાસી સાવધ કરેછે) (નિશ્વાસ નાંખી.) અરે! જો પોતે ન આવે,તો બધો સ્વયંવર મારે શા કામનોછે. તોતો બધો મને સ્મશાન જેવો લાગવાનો, હશે જેમ ઇશ્વર ઇચ્છા. પણ આ જીંદગીમાં તો એકજ માતપિતા ને એકજ ભરથાર એજ સત્યછે. માટે ગમેતો સ્વયંવરમાં જાઊંતો પણ શું થયું, કદાપિ પુર્વનો સૂર્ય પશ્ચિમમાં ઉગે, તોય હું વરમાળ બીજાને આરોપવાની નથી. મારા હાથ જે પુષ્પ જેવું રત્ન લાગેલુંછે, તેહું કેમ ગમાવું.

દાસી—(પ્રવેશ કરી) બાઇ સાહેબ, રસોઇ ટાઢી થઇ જાયછે.

પદ્‌મા—હા ચાલો. (બંને જાયછે).

પ્રવેશ ૪ થો.

સ્થળ રાજ્ય મંદીર.

કુંતીભોજ......કાંન્તા......પદ્‌માવતી......ગુણગવરી

કુંતીભોજ—પ્રિયા! હવે તાકીદ કરો.

કાંન્તા—સ્વામીનાથ! હમેતો સર્વ તૈયાર છીએ,માત્ર આપની વારેજ વારછે.

કુંતીભોજ—અમારે પણ કંઇજ વાર નથી, સ્વ

યંવર મંડપ પણ ભરાઇ ગયોછે. અને પ્રધાનજીએ સર્વ સગવડ કરી છે.

કાંન્તા—ત્યારે વિશેષ આનંદ!

કુંતીભોજ—બેન? તારે શું શું બાબતો ધ્યાનમાં રાખવાની છે તે તું જાણેછે સાંભળ,

રાગ ઓખાહરણ અથવા ચોપાઈ.

વાહાલી પદ્માવતી શાંણી બેન, ધ્યાને રાખેતું મારા વેણ
વહાલી તું છે વિદ્યાવંત, વાંચી થયેલી કુશળ ગ્રંથ
માટે અધિક કહેવું ન ઘટતું, પણ સ્થીર મન મારૂં ન ટકતું.
સ્વયંવરની રીતીતું જાણે, ઝાઝુ કહેતો નથી આ ટાણે.
સૌ રાજવી પુરા પિછાની કરવો ખ્યાલ રીતે મન માની.
વિચારો કરજે દીર્ઘ દ્રશ્ટી, અન્યવાણી એ થઇશ ન ભ્રષ્ટી.
તારા વિચારજે સધ વ્રત, કરજે ખાતરી એક સરત.
યોગ નિરખી રૂપ ગુણ પુર, રાજવી બાહાદુરને શુર.
વર માળ આરોપજે વહાલી, જેથી સંતોષ સુખ રહે ફાલી.

કાંન્તા—બેન! તારે એ શીખામણ, વધારે ધ્યાનમાં રાખવા યોગ્ય છે. કારણ કે જન્મારાના સુખનો આધાર તેના ઉપર છે.

પદ્માવતી—બહુ સારૂં! પુજ્યમાતા પિતાજી.

કાંન્તા—સમય થઇ ગયો છે, હવે આપ પધારો

ને સતાડી રાખો. (જાય છે)

પ્રવેશ પમો.

સ્થળ સ્વયંવર મંડપ.

(સ્વયંવરમાં પેસતાં ઇશ્વર સ્તુતિ કરે છે.)

પદમાવતી—(ડોલેરે જોબન મદમાતીરે ગુજરીયાં) ટેક.

ઇષ્ટ કૃપાનિધી દયાનિધી દેવ દેવા રે;
સદા કાળ સ્નેહ યુક્ત કરૂં સત્ય શેવા રે. ઇષ્ટ. ટેક
રક્ષણ અવનીમાં જન્મ દેતાં કીધાં જેવાં રે,
સદા કાળ સ્નેહ યુક્ત મ્હેર કરો તેવાં રે; ઇષ્ટ
દીર્ઘ દ્રષ્ટીથી મેં પ્રેમે કીધી પુષ્પ શેવા રે.
સત્યાકીન ફળ પુષ્પ પ્રેમના દે મેવા રે. ઇષ્ટ

ગુણ—પદ્માવતી સત્યવ્રતિ સતી કૃત્ય કેવાં રે;
કરે સદા કાળ ઇષ્ટ પતિ પુષ્પ શેવા રે, ઇષ્ટ
તારી મ્હેરે સ્વયંવર ભરાયો છે દેવા રે;
મ્હેરે તું મેળવ શેવ પુષ્પપતિ મેવા રે. ઇષ્ટ

(જ્યાં ઓળખંધ રાજાઓ બેઠેલછે તેઓની માહીતી લેવા પોતાની દાસી પ્રત્યે પહેલેથી પુછતી. ચાલેછે)

પદમાવતી—પ્રિયે સખી ગુણગવરી! તું આ તેજોમય ભુપ વિષે શુ જાણે છે?

ગુણગવરી—સુશીલ સખી! એ હસ્તીનાપુર (એ

ટલે દીલ્હી હસ્તનાપુર) ની ગાદીના ધણીછે. અને તેમની ઉપજ દર વરશે ચૌદ ક્રોડીનીછે તેમ્જ રાજેન્દ્રને દરેક રાજાઓ ખંડણી ભરેછે એવા મહાન ભુપાળછે.

પદમાવતી—જરા આગળ ચાલ, પ્રાણાધીક સખી! આ કામદેવ સરખો ભ્રકુટી વાળા ચતુર રાજપુત્ર સંબંધી તને શું માહિતી છે?

ગુણાવતી—મનહર કટયંગી એ અયોધ્યા નગરીના યાદવકુળમાં દિપક તરીકેછે. અને જો કે આગળના રાજ્ય કરતાં તેમના રાજ્યની ઉપજ ઓછીછે તોપણ તેમણે દુશ્મનોના દળનો વારંવાર સંહાર કરી હમણાં જ ચક્રવતિ પદ ધારણ કરયું છે?

(એટલામાં સ્વયંવરમાં તમામ જગોએ દ્રષ્ટી ફેરવતાં પુષ્પસેન નહીં જોવાથી એકદમ મુરછાંગત થઇ પડે છે. અને સર્વ લોકો આશ્ચર્ય પામી જોઇ રહે છે પછી ગાડીમાં ઘાલી ઘેર લઇ જાય છે.)

પ્રધાન—મહારાજા ! રાજેન્દ્રો અને રાજકુંમારો, આજે કુંવરી કન્યાની તબિયત સારી નહીં હોવાને લીધે સ્વયંવર મુલતબી રાખવામાં આવે છે ને આજનો અધુરો સ્વયંવર કાલે પુર્ણ થશે. (સર્વ રાજાઓ જાયછે.)

પ્રવેશ ૬ઠો.

સ્થળ રાજ્ય મંદીર.

પદ્માવતી. .કુંતીભોજ. . .કાંન્તા . .ગુણગવરી

(પદ્માવતી કોચમાં સુતી છે, ને સર્વે તેના આશાના વાશાના કરે છે.)

કાંન્તા—(ખોળામાં મસ્તક લઇ) પુત્રી! પ્રિયપુત્રી! તું કેમ બોલતી નથી ? તને શું થાય છે!

કુંતી—(તેના શરીર ઉપર હાથ ફેરવી.) માળવાધીક સુતા! કુળદીપકસુતા ! તુ કેમ બોલતી નથી, જો આ તારી આસપાશ કોણ બેઠું છે. તે ઓળખ જોઇએ. (તોપણ બોલ્યાવિના બેઠી થઇ નિશ્વાસ નાંખતી લમણે હાથ દઇ) પુષ્પસેન !! અરે પ્રિય પુષ્પસેન !!! એટલું બોલી કપાળે હાથ દઇ સુઇ જાય છે. .]

કુંતી—[આશ્ચર્ય પામી) અરે! આ શું ! આ કાંઇ મને સમજાયું નહીં.

કાંન્તા—પ્રાણનાથ !! આપે જે મારી નંખાવ્યો તે માણસતો નહીં.

કુંતી—ના પ્રિયા તેનું નામ તો ગુલાબસીંગ હતું? પછી બીજું નામ વખતે હોય ખરૂં.

કાંન્તા—મને તો એમ લાગેછે, પછી આપ જાણો?

કુંતી—હા પ્રિયા !! મને પણ એજ લાગે છે. (વિચાર કરીને) કારણ કે આ નામનો મારા જોવામાં નથી, તો પણ તેને આ નામ કયાંથી યાદ આવ્યું નક્કી તેજ હશે. અરે મેં કેવું ઘોર કર્મ કરયું? કે તેત તેહશે. તો મે મારા જમાત્રનોજ વધ કર્યો !!જો કુંવરી વરમાળ નહીં આરોપે તો સર્વ રાજ્યોમાં મારી અપ્રચા થશે. તેટલુંજ નહીં, પણ કાલેજ સ્વયંવરમાં ધમાધમા થશે, અરે ! ઈશ્વર તને શું ગમ્યુ (એટલામાં દરબારમાંથી સિપાઇ તેડવા આવે છે.

સિપાઇ માહારાજા સાહેબ! આપકુ સભામે બોલાતે હે.

કુંતી—બહુ સારૂ, ચાલો. પ્રિયા હુ જાઊંછુ ?

કાંન્તા—હા પ્રાણનાથ! સુખેથી જાઓ. (જાયછે)

પ્રવેશ ૭ મો.

સ્થળ રાજ્ય દરબાર.

કુંતીભોજ...પ્રધાન...સ્વયંવરમાં આવેલા સઘળા રાજાઓ તથા ચંદ્રાવળી વિગરે.

કુંતી—હે ચંદ્રાવળી! તુ એક મધુર સ્વરે સ્વયંવરમાં આવેલા રાજ્ય પુત્રો અથવા રાજેન્દ્રોનુ બરોબર રીતે વર્ણન કર.

ચંદ્રાવળી—જેવી છત્રપતિની આજ્ઞા. (ગાય છે.

(સાકેતીન પ્રેમે શેર મછલી ના બચુંગી એ રાહ.)

મંગળ સ્વયંવર સંધ્યો પુષ્પસેન વિના વ્યર્થ;
પુષ્પસેન વિના વ્યર્થ, પુષ્પસેન વિના વ્યર્થ. મં. ટેક
સ્વયંવરમાં રાજધિરાજ આધિ રાજન;
શોભામાં છે ખામી. મહાધિરાજ આસન. મંગળ. ૨
આર્યખંડે દેશ વિદેશે, ફરતી હું ચોપાસ;
કુંવર રાજ રાજેસ્વર સૌના, ચરિત્ર મમ મનવાસ. મં. ૩
ચંપકસેન ચંપાવતી, નગરીનો રાજંન;
રાણી પુષ્પાવતી, પેટ એક પુષ્પ તન. મંગળ. ૪
પુષ્પસેન પુષ્પ સમ, રૂપે ને ગુણેન્દ્ર;
શુરો ન્યાઇ વિવેકીને, ડાહ્યો સત્ય નરેન્દ્ર. મંગળ. ૫

કુંતી—(સ્વગત) ખરેજ રાજ્યકંન્યા પુષ્પ! પુષ્પ! કરતી હતી. તે આજ પુષ્પસેન હશે. અને મુરછાંગત થતાં સુધી પણ પુષ્પનુંજ સ્મરણ કર્યું છે. (આસન) પ્રધાન શું એ રાજકુમાર આવેલ નથી?

પ્રધાન—મહારાજાસાહેબ! તેઓ પધારેલ નથી.

કુંતી—સત્વર સાંઢણી તેમને તેડવા માટે મોકલો.

ચંદ્રાવળી—મહારાજ! મહારી એક વિનંતિ સાંઢણી મોકલતા અગાઉ ધ્યાન ઉપર લેશો.

કુંતી—બોલ શું તારી વિનંતિ છે.

ચંદ્રાવળી—પુષ્પસેન રાજકુમાર દેશવટે નીકળેલછે.

કુંતી—(મનમાં અરેરે ! હવે તો કર્મરેખાનોજ વાંક છે. એક અમુલ્ય રત્ન ઇશ્વરે આ પ્રસંગે દુર મોકલ્યુ છે.? એક જેન ઇશ્વર ઇચ્છા જો આ વખતે પદમાવતી શુધ્ધીમાં હોત તો તેના સંબંધો કાંઇ પત્તો લાગત. (ગાયન) ત્યારે તો હવે એ રાજકુમાર કયાંથી મળે ઇશ્વર ઇચ્છા !!

ચંદ્રાવળી—મહારાજા! જો શોધ કરી હોયતો આવે.

કુંતી—શોધ કયા પ્રકારે કરીએ તો તે દેશવટે નીકળેલાનો પત્તો લાગે?

ચંદ્રાવળી—મહારાજા! આજ્ઞા હોય તો હું એ રાજકુમારની શોધ કરી બનતા પ્રયત્નોથી ટુંક વખંતમાં લાવું પણ એક વચન આપોતો?

કુંતી—શોધને માટે તને આજ્ઞાછે ને મારૂ વચનછે.

ચંદ્રાવળી—બહુ સારૂ માહારાજ ! ત્યારે હું સોધી લાવુછું, પણ તેમનો વાંકો વાળ થવો ન જોઇએ.

કુંતી—એ બાબતમાં મારૂં, અને મારી સાત પેઢીનુ વચન છે ? (જાય છે)

પ્રધાન—માહારાજા ! રાજેંદ્રો ! અને રાજકુમારો! આપને પધારે ઘણો વખત થયો છે. ને દરબારનો પણ

મય થઇ ગયો છે, તેમજ કામ પ્રસંગ પણ પુર્ણ થયો , માટે હવે દરબાર બરખાસ્ત થવો જોઇએ.

(દરબાર બરખાસ્ત થાય છે.)

પ્રવેશ ૮મો.

સ્થળ રંગ્જ્ય મંદિર.

કુંતીભોજ...કાંન્તા...સુતેલપદમાવતી ...પછીથી પુષ્પસેન

કુંતી—પ્રિયા ! તે પુષ્પસેન ! પુષ્પસેન ! કહતી હતી તે ખરી વાત, ને તેનો પત્તો પણ લાગ્યો છે, તે હમણાં આવતો હશે.

કાંન્તા—તે કોણ છે કહોતો ખરા?

કુંન્તી—તે ચંપાવતી નગરીના ચંપકસેન રાજાનો કુમાર છે, ને હમણાં થોડા વખતમાં અહીંયાં આવશે.

કાંન્તા—પ્રિય પતિ; ત્યારેતો ઘણીજ ખુશીની વાત?

કુંતી—(પુષ્પસેન આવતો જોઈ આશ્ચર્ય પામીને) આતો ગુલાબસીંગ હતો તેજ. પાસે આવતાં હાથ જોડી) મારો મોટો અપરાધ થયો છે, તે આપ મને ક્ષમા કરશો. મેં આપની ઉપર વગર વિચાર્યો બેહદ જુલમ ગુજાર્યો છે. તેની હું માફી માગુછું. (પગમાં મુસ્તક નાખવા જાય છે, તેને અટકાવીને)

પુષ્પ—પુજ્ય નરેન્દ્ર! આબાબતમાં આપને અગર

કોઇને પણ શોક ભય થવા જેવું નથી. કારણ કે જે જે આપતિનુ મુળ માંગલિક જણાય છે. માટે આપ કૃપા કરીને બેફીકર રહો. (પદમાવતી સુતી છે. ત્યાં જાયછે ને બંનેની દ્રષ્ટી મળી જતાં એકદમ ઉઠીને બેઠી પડેછે. રાજા તથા રાણી આશ્ચર્ય પામી જતાં રહે છે)

પદમાવતી—કોણપ્રાણનાથ!આપ પોતેજકે સ્વપ્ન???

પુષ્પસેન—હા ? કોમળાંગી, હું પોતેજ છું ?

બંજારો રાગ.

પદમાવતી (મન મોહન કરે ધીંગાના,) એરાહ.

હવે કહુ તે સાંભળો પ્યારા, આપ છો સર્વોતમ સારા;
મુજ માટે પડ્યુ દુખ ભારી, શુ કહો તમે વિસ્તારી;
માટે દોશ કરો માફ મારા, હવે કહુ તે સાંભળો પ્યારા;
થયાં માત પિતા મુજ વેરી, દુખ દોધુ આપને ભારી.
તમે માફ કરોને દોશ મારા, હવે કહુ તે સાંભળો પ્યારા;
હવે નશ્ચીંત રહો પ્રાણ પ્યારા, મુજ પ્રાણ તણા અધારા
હું કહાવું દાસી આપ દારા, હવે કહુ તે સાંભળો પ્યારા.

પુષ્પ તુ હવે થઇ મુજ પ્યારી, સહયુ સંકટ વિયોગનુ ભારી;
કેમ પ્રિયા બની તું દીવાની, અગાઉ હતી તેથી દીલાજાની
શું પુછે તું વાત હમારી, તુ હવે થઇ મુજ પ્યારી;
એવો બળાપો કીધો મુજ માટે, તુને મુકુ નહીં શિર સાટે;

હવે થઇ ઇષ્ટ મેહે સારી, તુ હવે થઇ મુજ પ્યારી.

કાંન્તા—(નેપથ્યમાં) બેહેન ??

પદ્માવતી—આવી છુ ? તમે જરા બેસો હુ અંદર જઇ આવું ?

કુંતી—(પ્રવેશ કરી) ચાલો ઉપર દિવાન ખાનામાં.

પુષ્પ—હા! ચાલો ? (બંને જાય છે)

પ્રવેશ ૯ મો.

સ્થળ. સ્વયંવર મંડપ.

કુંતીભોજ–પ્રધાન–પદ્માવતી–ગુણગવરી
અથવા સ્વયંવરમાં આવેલા રાજાઓ વીગેરે.

કુંતી—પ્રધાનજી ! હવે શીવારછે ?

પ્રધાન—મહેંદ્ર ! હવે વારતો કાંઇજ નહીં હોય, પણ તેઓ આવતાં હશે? કારણકે છેલ્યો નાદ સંભળાઇ ચુકયોછે :

ગુણગવરી—(પદ્માવતી સ્વયંવરમાં પ્રવેશ કરેછે ને ગુણગવરી બોલેછે)

શિખરણી છંદ

દિસે રંભા રૂપે રતી સમી નહીં કો જગતમાં,
પળે પાડે પાળા ભ્રકુટી ફરકે પલકમાં,
નહીં અરે! કાન્તિમુજ સખિ સમીઅન્ય સ્થળમાં.

કરે લજ્યા લાજી રતિ મરખિ નિરખી નયનમાં.

કુંતી—પ્રાણાધાર સુતા! આ તમામ રાજાઓ બેઠાછે, તેમાં તારી ખુશીમાં આવે તેને વરમાળ આરોપ.

પદ્દમા—બહુ સારૂ પીતાજી!

પ્રિયે સખી ગુણગવરી! આમ આવ્ય?

ગુણગાવરી—આવી બેન? (પાસે જાયછે)

પદ્દમા—વારૂ! આકોણ?

ગુણગાવરી—પ્રાણધાર સખી! એ ચંદ્ર કેતુ નગરી ના સુર્યવંશી માહારાજાછે, જોકે કાલેજે રાજાઓનુ વર્ણન કર્યું હતું, તેના કરતાં તેમની ઉપજતો ઘણી ઓછીછે, પણ શક્તી અને બળમાં વધેછે.

પદ્દમા—ઠીકછે વારૂ? (પુષ્પસેનને નીચુઘાલી કટાક્ષક રી) સુશાળ સખી! આમના વીશે તને શુ માહીતીછે, તે તું પુર્ણ કહે?

ગુણગાવરી—એ ચંપાવતી નગરીના ચંપકસેન રાજાના કુમારછે? ને તેમના જેટલુ આટલી ઊંમરમાં કોઇપણ વિધા અથવા જ્ઞાન નહીં પામેલુ એવા વિદ્વાન, ચતુર, ચંચળ, બુદ્ધિશાળી, અને સુરાએ પુષ્પસેનતે પુ ષ્પરૂપજ છે? પણ એહાલમાં પીતાનુ વચન માન્ય ક કરવા દેશવટે નીકળેલછે.

પદ્દમા—વારૂ! ત્યારે મારે હેવા સરવેહેતુ સાર ના

ર માહા પુરૂષનુજ કામછે- (એમકહી વરમાળ આરોપે છે ને આકાશ વાણી થયછે)

હારીકાંરાજા—હે દુષ્ટ તે અમોને સ્વયંવરમાં બોલાવી હમારી આબરૂ લીધી? કાંઇ ફીકર નારાખ.(જાયછે)

આકાશવાણી—આ બંને વર કન્યાનો પ્રેમ,તથા જ્ઞાન જોઇ હમે દેવતાઓ પ્રસન્ન થયા છીએ ધન્ય છે તમારી દ્રઢતાને આ બંનેનુ જોડુ અમર રહો. (પુષ્પની વ્રષ્ટી થાયછે ને વેદીયા વેદ ભણેછે. ને જેજેકાર થાયછે.)

સર્વ પાત્ર મળીને. રાગ કલ્યાણ.

જ્ઞાનિ ગુણ ગ્રહો, સહુ સાર સુલહો,
પ્રભુ પ્રતીથિ સત્ય પ્રેમ ભય તમે ગ્રહો. ટેક.
કળી કાળે શુકાળ બન્યાછે, પુર્વ રિતિના આપ;
મમતા મિથ્યાને અભિમાને, અતિશય ખાવો થાપ.૧
મુળ પ્રખ્યાત જગ વિખ્યાત, વિદ્યા વંતા વિર;
દ્રષ્ટિત દીર્ઘ રૂષિ વચનો, સૌ માનો રાખી ધીર.૨
સુભાગનુ બીજ સ્વયંવર, શાસ્ત્ર સિધ્ધ છે સાર;
તનમન ધનમાં મસ્ત પુર્વજો, જયકર રિતિપર પ્યાર.૩
સતિ પદમાવતિ સ્વયંવર, દ્રષ્ટિ સદ્ધિ અર્થે સાર;
આર્ય શેવમાં મુકી, પ્રભુને વંદુ વારંવાર. ૪

સમાપ્ત.

અગાઉથી ગ્રાહક થએલ સદગ્રહસ્થોનાં નામ.

પ્રત.	નામ.
	અમદાવાદ ખડાયતા.
૫	રા. મિ. મી. સંપતરામ હિંમત્તરામ
૫	રા. રા. માણીલાલ છોટાલાલ.
૫	રા. મિ. ભાઈ ચમનલાલ રેવાશંકર.
૫	રા. રા. હીરાલાલ હરીલાલ.
૫	રા. મિ. બુલાખીદાસ ગણપતરામ.
૩	રા. વૈદ. જેઠાલાલ હરીલાલ.
૨	રા. રા. નારણલાલ પરભાશંકર.
૧	રા. રા. બાપાલાલ રણછોડલાલ.
૧	રા. રા. માણીલાલ રણછોડલાલ.
૧	રા. રા. શીવપ્રસાદ મણીલાલ.
૧	રા. વૈદ શીવલાલ છગનલાલ.
૧	રા. રા. ભાઈલાલ જમનાદાસ.
૧	શા. રા. દોલત નથુશા.
૧	રા. રા. નારણલાલ કેસવલાલ.
૧	રા. રા. ભાઈલાલ જેએશંકર.
૧	રા. રા. કશનલાલ હરીલાલ.
૧	રા. રા. જેએપ્રસાદ ગણપતરામ.
૧	રા. રા. ગીરધરલાલ રામશંકર.
૧	રા રા અમરતલાલ ચંદુલાલ દીવાનજી.

૧ રા. રા. હરીલાલ ત્રિભોવનદાસ.
૧ આ મા. મગનલાલ રેવાશંકર.
૧ રા. રા. નગીનલાલ બાળકૃષ્ણ.
૧ રા. રા. રણછોડલાલ મોતીલાલ.
૧ રા. રા. નેમચંદ પરસોતમ.
૧ રા. દવે. ડાહ્યાભાઇ સરેશ્વર.
૧ શેઠ. રા. પોપટલાલ પરસોતમ.
૧ રા રા. કેસવલાલ છોટાલાલ.
૧ રા. રા. મથુરલાલ મનસુખરામ.
૧ રા. રા. ગોકળદાસ દ્વારકાંદાસ.
૧ રા. રા. હરીલાલ રતનચંદ.
૧ રા. રા. અંબાલાલ જેઠાલાલ.
૧ રા. રા. નાથાલાલ કાળીદાસ.
૧ રા. રા. મોહનલાલ સાંકળચંદ.
૧ રા રા. પરસોતમ મુળશંકર.
૧ દેસાઇ. પરભાશંકર કાળીદાસ.
૧ રા. રા. ગોવીંદલાલ છોટાલાલ.
૧ રા. રા. ચીમનલાલ ગોરધનલાલ.
૧ રા. રા. હરીલાલ નથુભાઇ.
૧ રા. રા. કેસવલાલ દામોદર.
૧ રા. રા. જેઠાલાલ નારણલાલ.

૧ રા. રા. આણંદરાય કેસવલાલ.
૧ રા. રા. હરિપ્રસાદ વિસ્નુરામ.
૧ રા. રા. જેઠાલાલ ત્રિકમલાલ.
૧ રા. રા. માણેકલાલ હીરાલાલ.
૧ રા. રા. ડાહ્યાભાઈ નાહાંનશા.
૧ રા. રા. માણેકલાલ સાકરલાલ.
૧ રા. રા. મણીલાલ લલ્લુભાઈ.
૧ રા. રા. રેવાશંકર નથુભાઈ.
૧ રા. રા. જગજીવનદાસ રામશંકર.
૧ રા. રા. રતીલાલ કેસવલાલ.
૧ રા. રા. હીમતરાય નામતરાય.
૧ રા. રા. પરભુલાલ રાઇજીભાઈ.
૧ રા. રા. રણછોડલાલ છગનલાલ.
૧ રા. રા ગોવીંદલાલ બાળકૃસ્ન.
૧ રા. રા. ગોપાળરાવ દોલતરાય.
૧ રા. રા. બલાખી નારાયણલાલ.
૧ રા. રા. જેઠાલાલ ઉમેદરામ.
૧ રા. રા. જેઠાલાલ છગનલાલ.
૧ રા. રા. મોતીલાલ રેવાશંકર.
૧ રા. રા. હરીપ્રસાદ ભુતરાયજી.
૧ રા. રા. લલ્લુભાઇ માહાસુખરામ.
૧ રા રા રતીલાલ બનસીલાલ
૧ રા રા હરીલાલ દાંમોદરદાસ

૧ રા. રા. નારણલાલ રણછોડલાલ.
૧ રા. રા. મુગટલાલ જમીતરામ.
૧ રા. રા. માણલાલ કેસવલાલ.
૧ રા. રા. અમુલખરાય મહીપતરામ.
૧ રા. રા. છોટાલાલ ઉજમસી.
૧ રા. રા. બાપાલાલ જેઠાલાલ.
૧ રા. રા. માણીલાલ બાપાલાલ.
૧ રા. રા. હીમતલાલ કેસવલાલ.
૧ રા. રા. હીરાલાલ મથુરાંદાસ.
૧ રા. રા. બાપાલાલ કાળીદાસ.
૧ રા. રા. શંકરલાલ બાપાલાલ.
૧ રા રા મગનલાલ લખમીચંદ.
૧ રા રા.. અમરતલાલ ગોરધનલાલ.
૧ રા. રા. વીજલાલ શીવલાલ.
૧ રા રા. માણેકલાલ નાહાનચંદ.
૧ રા રા. પરશોતમ જમનાદાસ.
૧ રા રા હરીલાલ રતનચંદ
૧ રા રા નરોતમ ભવાનીશંકર
૧ રા રા નાનાલાલ બાપાભાઈ
૧ રા રા છગનલાલ મહોલાલ
૧ રા રા છગનલાલ જમનાદાસ
૧ રા રા શંકરલાલ બાપાલાલ

૧	રા રા વાલાભાઈ લલ્લુભાઈ.	મુ ૧
૧	રા રા બાલાભાઈ લલુભાઈ.	મુ ૧
૧	રા રા છગનલાલ ગીરધરલાલ	મુ ૧
૧	રા રા રતીલાલ બાપાલાલ	
૧	રા રા માણેકલાલ બલાખીભાઈ	
૧	રા રા ઠાકોરદાસ ગોરધનદાસ	
૧	રા રા બાપાલાલ છોટાલાલ	
૧	રા રા ગોપાલજી કલ્યાણજી દેસાઈ	
૧	રા. રા વ્રીજલાલ શીવલાલ	
૧	રા રા માણેકલાલ નાનાલાલ	
૧	રા રા પરસોતમ જમનાદાસ	
૧	રા રા કૃષ્ણગોપાળ બાપાલાલ	
૧	રા રા શીવરામ સાબરમતી બાબુસાહેબ	
૫	રા. રા. ચુનીલાલ પીતાંબર	અ. મહાવાદ.
૨	રા રા વાડીલાલ અમીચંદ	
૨	રા રા બાપાલાલ શંકર	
૧	રા રા માણેકલાલ રણછોડલાલ	
૧	રા રા માણેલાલ લલુભાઈ.	
૧	રા રા મનસુખલાલ મગનલાલ	
૧	રા રા નરસીલાલ મોતીલાલ	
૧	રા રા મંગળદાસ લલુભાઈ	
૧	રા રા ગોપીનાથ શીવનાથ	

૧ રા રા જેસીંગ સાંકળચંદ
૧ રા રા વાડીલાલ ઇચ્છાચંદ
૧ વ્યાશ કાળીદાસ હરીભાઇ
૧ રા રા સાંકળચંદ છગનલાલ
૧ રા રા વરજીવનદાસ ત્રીભોવનદાસ
૧ શેઠ ડાહ્યાભાઇ ચુનીલાલ
૧ પટેલ મથુરદાસ કાળાદાસ
૧ ઘાં ચકુભાઇ જેઠાલાલ
૧ કંદોઇ ડાહ્યાભાઇ મુલચંદ
૧ રા રા ચીમનલાલ ગીરધરલાલ
૧ રા રા મોહનલાલ
૧ રા. રા. હીરાલાલ રાયચંદ.
૧ રા. રા. રામશંકર શામળશંકર.
૧ રા રા ચુનીલાલ માહસુખરામ.
૧ રા. રા. મગનલાલ હરીલાલ.
૧ રા. રા. મોતીલાલ દલસુખરામ.
૧ રા. રા. ત્રીભોવન માહાસુખરામ.
૧ રા. રા. રામચંદ્ર નાનાભાઇ.
૧ રા. રા. હરખચંદ સોમચંદ.
૧ રા. રા. બાપાલાલ ઠે. માહાલક્ષમીની પોળના
૧ રા. રા. મોહનલાલ.

૧ રા. રા. નુરભાઇ ડોસાભાઈ.
૧ રા. રા. નારણલાલ અમથાભાઈ.
૧ રા. રા. માણેકલાલ મગનલાલ.
૧ રા. રા. પ્રેમચંદ.
૧ રા. રા. શેઠ ભોગીલાલ.
૧ રા. રા. છોટાલાલ હરીલાલ.
૧ રા. રા. જેસીંગ ચુનીલાલ.
૧ રા. રા. કુબેરદાસ વનમાલી.
૧ રા. રા. મંગળદાસ દોલતરામ.
૧ રા. રા. જેસીંગ રતનચંદ
૧ રા. રા. મોહનલાલ
૧ રા. રા પરદેશી બકતાવર બળદેવ
૧ રા. રા. અમરશી આણદા
૧ રા. રા. ગીરધરલાલઅમીચંદ
૧ રા. રા. વીષ્નુરામ ઇચ્છારામ.
૧ રા. રા. માર્ટનરાવ દોલતરાય.
૧ રા. રા. નાનાલાલ છોટાલાલ.
૧ રા. રા. મણીલાલ વાડીલાલ.
૧ રા. રા. કેશવલાલ ત્રીભોવન.
૧ રા. રા. બાપાભાઇ મગનલાલ.
૧ રા. રા. પરસોતમ સુરજરામ

૧ રા રા મંગળદાસ ગીરધરદાસ
૧ રા રા રામચંદ્ર ગંગાધરદાસ પેન્ડી
૧ રા રા ડાહ્યાભાઇ હીમચંદ
૧ રા રા રણછોડલાલ ઉત્તમચંદ

અમદાવાદ ટ્રેનીંગ કોલેજ.

૧ રા રા ગુણવંતરાય જીવણરામ
૧ રા રા દલસુખ હસમેતનદાસ
૧ રા રા સોમેશ્વર નાનકેશ્વર
૧ રા રા નારણજી દયાળજી દેશાઇ
૧ રા રા બલ્લભાઇ મોતીલાલ ત્રીવાડી

કાઠીઆવાડ સોરઠ પ્રાંત.

૧૦ રા.પ્રિ.મી. ઇશ્વરલાલ બદ્રીનાથ.વકીલ.

વીસલપુર.

૧ વખતચંદ નારાણદાસ
૧ રા રા તીકમલાલ નારાણલાલ
૧ રા રા. હરીશંગ ગોપાળ.
૧ રા રા મોહનલાલ ઉજમસી
૧ રા રા ગીરધર કરમચંદ
૧ રા રા ધરમા હરજીવન
૧ રા રા શીવલાલ વનમાળી
૧ રા રા મગનલાલ લખમીચંદ
૧ રા રા કસ્તુરચંદ જવેર
૧ રા રા અમરસી સાંકળચંદ

૧ રા રા ઘેહેંગભાઇ કાલીદાસ
૧ રા રા જેશીંગભાઇ વરજનાલ
૧ રા રા ચતુરભાઇ અનોપચંદ
૧ રા રા મોતાલાલ મનસુખભાઇ
૧ રા રા છગનલાલ નરશીભાઇ
૧ રા રા ચુનીલાલ સાંકળચંદ
૧ રા રા ડોસાભાઇ જેઠાલાલ
૧ રા રા ગલાબચંદ માહાસુખરામ
૧ મોચી આતીયા કલ્યાંણ
૧ રા રા વરજભાઇ. ડાસંદરા પે. અ.
૧ રા રા ચતુરભાઇ .ભાં આ

કુબડથલ

૧ રા રા ગંગાશંકર કરૂણાશંકર

પેથાપુર

૪ રા રા કાશીનાથ વિશ્વનાથ

સાદરા

૧ રા રા મોહનલાલ દોલતરામ
૧ રા રા દસરથભાઇ ભોગીલાલ
૧ રા રા બાળકૃષ્ણ પરસોતમ પ્રાંતીજ

ગામ વાયણા

૧ રા રા જેઠાલાલ કેસવલાલ
૧ રા. રા અમરતલાલ કલ્યાંણજી

સુથરામપુર

૧ રા રા ચુનીલાલ શોભારામ

લુણાવાડા

૧ રા રા છગનલાલ ઝવેર

મોગર.

૧ મા. ઠા. અદર સગજી નારાણસગજી

૧ મા. ઠા. સરદારસંગજી માધવસંગજી

૧ રા રા ઝવરભાઇ શંકરભાઇ

૧ રા રા લલુભાઇ ફુલચંદ

૧ રા રા દલસુખરામ ગણપતરામ નાવલી

૧ રા રા લલુભાઇ નારાણજી

૧ રા ગુ નરશીલાલ ખુશાલરાય સાંણંદ

૫ પ્રિયમીત્ર રતન લ ભોગીલાલ **વીસનગર**

૧ રા રા સાંકળચંદ ગોવીંદલાલ

૧ રા રા લાલજી અમીરામ સન્થળી

૧ પ્રિ મી મગનલાલ ડાંગરવાસે.ટ એજન્ટ

૫ રા રા દયાશંકર રાજારામ **ડીસા.**

ઈંગ્રેજી સ્કુલ ફ્રસ્ટઆ

૧ રા રા ભવાંન મુળજી રાધનપુર

ભરૂચ.

૧૦ પ્રિ. મી. છોટાલાલ રણછોડલાલ મજમુદાર.

૨ રા રા શેવકલાલ માણેકલાલ ઝવેરી.

૧ રા રા પ્રાણલાલ અમરતલાલ
૧ રા રા માણીલાલ મોહનલાલ
૧ રા રા નવનીતલાલ રણછોડલાલ
૧ રા રા રતનલાલ કીશોરદાસ
૧ રા રા હુકુમતરાય હરીનાથ
૧ રા રા ચુનીલાલ ભગવાનદાસ દેસાઈ
૧ રા રા નઉતમરામ ઈચ્છારામ
૧ રા રા ચુનીલાલ સાકરલાલ
૧ રા રા મોતીલાલ હરીલાલ
૧ રા રા નરસીલાલ હીરાલાલ
૧ રા રા ત્રંબકલાલ હોમતરામ
૧ રા રા મગનલાલ હરદેવરામ
૧ રા રા મગનલાલ અમરતલાલ

નેદાદ રાજસંસ્થાન.

૧૪ પ્રિ. મી જીવણલાલબાઈજીભાઈ તરફથી.
૧ રા રા ઉમેદરામ ગુણવંતરામ
૧ રા રા હેતશંકર છોટાલાલ
૧ રા રા કાળીદાસ કશનદાસ
૧ રા રા જસવંત નાગેસ્વર જાની
૧ રા રા જગનનાથ માણીશંકર
૧ શ્રી નાદોદ સંસ્થાન માહારાણા
ગંભીરસીંહજી લાયબ્રેરી

૧ રા રા મનસુખલાલ ભાણાભાઇ
૧ રા રા કાળીદાસ વરજલાલ
૧ રા રા છીનુસીં રગનાથસીંહ
૧ રા રા જસવંતરામ કુરણાશંકર
૧ રા રા માણીલાલ મોતીલાલ
૧ રા રા પરસોત ગીરજાશંકર
૧ રા રા ચુનીલાલ વેણીદાસ

રાયકા તાબે રેવાકાંઠા

૨ રા રા ગણપતરાવ લક્ષમણરાવ
૧ રા રા ચુનીલાલ પ્રભાશંકર **મેહેમદાવાદ.**
૧ રા રા નાથજીભાઇ રણછોડ
૧ રા રા આંસજી માધવજી
૧ રા રા લલુભાઇ નાગજી
૧ રા રા ગોવીંદરાવ બાપુરાવ
૧ રા રા ગીરધરલાલ કીરપાશંકર
૧ રા રા વીઠલરાય મોતીરામ
૧ રા રા ડાહ્યાભાઇ રણછોડ
૧ રા રા લાયબ્રેરીયન વિઠલ જેઠાભાઇ
૧ રા રા દામોદર પરસોતમ **ખેડા.**
૧ રા રા જતમંગ ફતેસંગ
૧ રા રા રણછોડ જેશંકર. **ગોધરા.**
૧ રા રા સોમેશ્વર દામોદર

૧ રા રા ભોગીલાલ રણછોડલાલ
૧ રા રા ગોવીંદ બાલાજી
૧ રા રા લક્ષ્મીદાસ શભુદાસ **વીરંમગામ.**
૧ રા રા હરજીવનદાસ વનમાળીદાસ
૧ રા રા મુળજીભાઈ ચકુભાઈ પાલીટાણા
૧ રા રા ઉતમરામ નારાણજી **ધોળકા.**
૧ રા રા ઠાકોરલાલ કરમદરામ
૧ રા પ્રિયમીત્ર પેચાભાઈ **ખંભાત.**
૧ રા શા મગનભાઈ પીતાંમરદાસ

જાહેરખબર.

મારી તરફથી બીજુ પુસ્તક આપણા સંસારી ઉપયોગી કે જેની અંદર સોળ વીશયનું જેમ કે વેહેમ. કુળ, સત્ય, બાળલગ્ન કુસંપ, હેત્રી રાંતના સોળ વીશયનુ " સુમતીવિજયનાટક " એ નામનુ કરુણા, શૃંગાર, હાસ્યરસ, વિરરસ, ઇત્યાદિક, તમામ રસથી ભરપુર, આર્ય બંધુની શેવામા મુકવાનો વિચાર છે. તેનાં પુરતાં ગ્રાહક થએ બાહાર પડશે. જે સાહેબોને રાખવાની ખાસ હોય તેમણે કર્તા તરફ લખી જાણાવવું.

આ પુસ્તક ઘણું મોટુ થવાનું છે ને તેની કીમત પણ જુજ રાખેલી છે. પ્રથમથી ગ્રહાક થનાર સદગ્રહસ્થોને માટે ૦-૧૦-૦ ને પછીથી થનારને માટે ૦-૧૪-૦ રાખવામાં આવેલ છે.

કાશીરામ મગનલાલ. ઉપાધ્યાય.
પ્રસિધ્ધ કર્તા.

સુચના.

૧ હે દેશો ઉત્કર્ષિ! મેહેરબાનીકરી તમારાં તિમ્ર, તરૂણોષ્ય ચક્ષુ ખોલી અને જુવોકે દેશની પાયમાલી શાકારણથી થયેલીછે, તેનુકારણ એજકે જ્યાંસુદ્ધી તમારામાં લાકડે માંકડુ એટલે નાહાનપણમાંથીજ પરણાવવાનો રીવાજછે, તેજકારણથી અને તેનુ કારણ તમારી અણસમજછે, બીજુ કંઈજ નથી તોતે અણસમજને દુર કરી પોતાના પ્રાણ કરતાં વહાલી દીકરી તેને કુવામાં નહીં નાખતાં પુખ્તવયે સ્વયંવરની રીતીએ પરણાવોતો બંને દંપતિ જોડુ સદા સુખી રહી અને તમને આશીશ આપે. એજ

૨ આ ગ્રંથનારો પ્રથમ પ્રયાસછે, ને અગત્યના કારણસર કંઈ ગામ જવાથી ત્રણ એક ફરમા બીજાના હાથથી તપાસા એલા તેથી કોઈ ભુલ હશે તે વાંચનાર સાહેબો મહેરબાની કરી સુધારશોજ.

૩ જે સદ્ગ્રહસ્થો તરફ એક એક બુક ગએલીછે તેમણે એક ટીકીટ વધરે બીડવી કે પોહાચ મોકલાય વધારે બુકો વાળાને મની ઓડર કરી મોકલવા બુક પોહોચે તુરત આબુક અમદાવાદમાં ખાડીયામાં હીંગળો જોસીની પોળમાંથી ગ્રંથ કર્તા પાસેથી મળશે વધારે લેનાર વેપારીને પોણી કીમતે સામટી આપવામાં આવશે જોઈએતો લખવું.

કાશીરામ મગનલાલ ઉપાધ્યાય.

તથાસ્તુ **ગ્રંથકર્તા**